# હસ્યાં તેનાં વસ્યાં

## કોર્ટ, વકીલ, જજ :-

### નવો વકીલ : નવી તરકીબ

તાજો વકીલ થયેલો એક જુવાનિયો એક પૈસાદાર માણસનો કેસ લડી રહ્યો હતો. એણે પોતાના બહુ જાણીતા વકીલ મિત્રને પૂછ્યું : 'મને લાગે છે કે ન્યાધિશને એકાદ કેસ વ્હીસ્કીનું મોકલી આપું તો કેસનો ફેંસલો મારી ફેવરમાં આવી શકે. તમારો શો અભિપ્રાય છે?'

પેલો તો આશ્ચર્ય પામી ગયો. 'અલ્યા જોજે એવું કરતો. આ ન્યાયાધિશ બહુ પ્રમાણિક છે. એવું કર્યું તો માનજે કે તું હારી જ ગયો.'

મહિના પછી ન્યાયાધિશે કેસનો ચુકાદો આ વકીલની તરફેણમાં આપ્યો. પેલા જાણીતા વકીલ કહે તેં મને પૂછ્યું હતું તે સારું જ થયું. જો તેં ન્યાયાધિશને લાંચ આપી હોત તો તું કેસ હારી જ ગયો હોત.'

'પણ મેં તો વ્હીસ્કીનું કેસ મોકલી જ આપ્યું હતું. હા, મેં એ સામેવાળા વકીલના નામે, બજારમાં મળતી હલકામાં હલકી જાતની વ્હીસ્કીનું મોકલેલું.'

◆ ◆ ◆

### નાદાર અસીલ

'હું કેસનો ચુકાદો આપું તે પહેલાં તમારે કશું ઉમેરવાનું છે?'

'ના નામદાર, મારી પાસેની પાઈ એ પાઈ મારા વકીલે લઈ લીધી છે એટલે મારાથી કશું ઉમેરી શકાય એમ નથી.'

◆ ◆ ◆

### રેફરી અને વકીલ

'એક બોક્સર રેફરી અને વકીલ વચ્ચે શો તફાવત છે?'

'બહુ મોટો, બોક્સર રેફરીને લડાઈ વધારે સમય ચાલે તો એ માટે કશું વધારે વેતન મળતું નથી.'

◆ ◆ ◆

### ચોક્કસ સાક્ષી

અકસ્માતના એક કેસમાં સરકારી વકીલ સાક્ષીની ઊલટતપાસ કરતો હતો : 'અકસ્માત થયો એ જ્યાથી તમે કેટલા દૂર હતા?'

'એકત્રીસ ફીટ અને સવા છ ઈંચ.'

વકીલને લાગ્યું કે આ શિખવાડી મૂકેલો જવાબ હતો. એણે પૂછ્યું : 'તમે ચોક્કસ કેવી રીતે આ અંતર કહી શકો?'

'સાહેબ, મને એ વખતે જ લાગ્યું હતું કે કોઈ ચીકણો વકીલ આ પ્રશ્ન


જયંતીભાઈ પટેલનું સાહિત્ય




બેગમ (નવલકથા) 'બોલ મારી ચૂંદડી ઓઢવી છે?' મંગળે પૂછ્યું ને સકીના ઘડીભર તો જાણે અવાક જ થઈ ગઈ.

'વાત તો તારી મનમાં ગલગલિયાં થઈ જાય એવી છે પણ મને અમારી કોમનો ભરોંસો પડતો નથી. જો ગામ છોડીને દૂર ચાલ્યા જવા તું કબૂલ થતો હો તો અબઘડી લબાચાની પોટલી બાંધી તારી પાછળ ચાલી આવું.' સકીનાએ કહ્યું ને મંગળને સાતે કોઠે જાણે અજવાળાં થઈ ગયાં.

'જો તને મારી વાત મનમાં ગલગલિયાં થઈ જાય એવી લાગતી હોય તો પાછું વાળીને જોઈશ નહીં. હું તને કોઈ વાતે દુઃખી નહીં થવા દઉં. ગામ વચ્ચે રહીશું. મંદિર મહાદેવમાં ને વહેવારમાં હું તને મારે પડખે રાખીશ. હું તારી કોમથી ડરતો નથી .' મંગળે કહ્યું. વાંચો આખી નવલકથા.

http://pustakalay.com

પૂછશે એટલે મેં મેજર ટેપથી એ અંતર માપીને ડાયરીમા નોંધી રાખ્યું હતું.’

⬍ ⬍ ⬍

## વકીલોથી ભરપુર બોઈંગ ૭૪૭

કેટલાક આતંકવાદીઓએ વકીલોથી ભરેલું એક પ્લેન હાઈજેક કર્યું હતું. એમની માગણીઓનો ધાર્યો પ્રતિભાવ ન મળતાં એ લોકો પોતાની માગણીઓ ઘટાડતા ગયા. તોય યોગ્ય પ્રતિભાવ ન મળ્યો. છેવટે એમાંના એકે નવો રસ્તો બતાવ્યો.

એમની માગણીઓ પાછી ટોચની કક્ષાએ લઈ જઈ એમણે જાહેર કર્યું કે જો એમની માગણીઓ સંતોષવામાં નહીં આવે તો એ લોકો દર કલાકે એક વકીલને છોડી મૂકશે. ને તમે માનશો! એક કલાકમાં જ તેમની માગણીઓ સંતોષાઈ ગઈ.

⬍ ⬍ ⬍

## સરકારી વકીલ

પ્રાઈવેટ પ્રેક્ટીસમાં નિષ્ફળ ગયેલો વકીલ.

⬍ ⬍ ⬍

## વકીલ ક્યાંથી લાવશો?

એક વખત સ્વર્ગ અને નર્ક વચ્ચે જામી પડી. સ્વર્ગવાળા કહે : ‘અમે સુપ્રિમ કોર્ટ સુધી લડી લઈશું.’

નર્કવાળા કહેઃ ‘વકીલ ક્યાંથી લાવશો? વકીલો તો બધા અમારી પાસે છે.’

છેલ્લા સમાચાર છે કે સ્વર્ગવાળાએ લડવાનું માંડી વાર્યું છે.

⬍ ⬍ ⬍

## દિવાળીનું બોનસ

બોસ : દિવાળીની પાર્ટીમાં મેં તને કીસ કરી એનો અર્થ એવો નહીં કે તું આમ કામમાં ધ્યાન નહીં આપે ને જે કરીશ તે હું ચલાવી લઈશ.

સેક્રેટરી : તમારી વાત તમે જાણો પણ હું તો મારા વકીલની સલાહ મુજબ વર્તુ છું.

⬍ ⬍ ⬍


જયંતીભાઈ પટેલનું સાહિત્ય




‘વસમા ઓરતા’

જયંતીભાઈ પટેલની અનોખી નવલકથા. એમની પ્રસિધ્ધ થયેલી સાત નવલકથાઓમાંથી આ એક જ નવલકથાના કેદ્રમાં પ્રણય ત્રિકોણ છે.

પણ આ નવલકથામાં સામાન્ય પ્રણય-ત્રિકોણ જ નથી. એમાં માનવ જીવનનાં અનેક પાસાંની લેખકે એવી ખૂબીથી છણાવટ કરી છે કે એક વખત આ કથા વાંચવી શરૂ કર્યા પછી એને પૂરી વાચી રહ્યા સુધી તમને ચેન જ નહીં પડે.

આ નવલકથામાં લેખકે ત્યાગ, ફરજ અને વહાલને એવાં એકમેકમાં પરોવી દીધાં છે કે વાંચક વાર્તાના પ્રવાહમાં ઓતઃપ્રોત થઈ જાય છે. તમને આ અનુભવ ત્યારે જ થશે કે જ્યારે તમે આ વાર્તા વાંચવી શરૂ કરશો.

આ અને જયંતીભાઈ પટેલની આવી જ બીજી નવલકથાઓ વાંચવા માટે નીચે જણાવેલી વેબ સાઈટ પર કલીક કરો. http://pustakalay.com

## ગીતા વાંચતો વકીલ

મરણપથારિયે પડેલો વકીલ ગીતા કેમ વાંચતો હતો? કદાચ એમાં કોઈ છટકબારી રહી ગઈ હોય તો એ શોધતો હશે.

⬍ ⬍ ⬍

## જજ

‘જે વકીલને કાયદાનીય ખબર ન હોય એને તમે શું કહો?’

‘જજ.’

⬍ ⬍ ⬍

## વીર્ય

‘વીર્યના કોષ અને વકીલ વચ્ચે શું સામ્ય છે?’

‘બન્નેમાં ત્રીસ લાખે એક જ માણસ બને છે.’

⬍ ⬍ ⬍

એક માણસ મરણ પથારીઓ હતો. ડોક્ટરે કહ્યું : ‘હવે એક જ ઉપાય છે તને બચાવવાનો. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ. સારે નસીબે આજે જ બે હાર્ટ આવ્યાં છે : એક છે સામાજિક કાર્યકરનું ને બીજું છે એક વકીલનું. બોલ તારે કયું જોઈએ છીએ?’

દર્દી કહે : ‘વકીલનું કારણ કે સામાજિક કાર્યકરનું લકોનાં દુઃખ જોઈને પોચું પડી ગયેલું હશે પણ વકીલનું બિલ્કુલ વપરાયા વગરનું.’

⬍ ⬍ ⬍

## કબૂલાત

એક વકીલ મરણપથારીએ પડ્યો હતો. એની પથારી પાસે એનો ચાલીસ વરસથી પેઢીમાં ભાગીદાર એવો નયન બેઠો હતો.

‘નયન, હવે હું ઘડી બે ઘડીનો મહેમાન છું ત્યારે મારે કબૂલ કરવું જોઈએ કે મારે ત્રીસ વરસથી તારી બૈરી સાથે આડો સંબંધ હતો અને તારી જે દીકરી છે એનામાંય મારું લોહી છે. અને છેલ્લાં દસ વરસથી હું પેઢીમાંથી ગફલો કરીને વરસે પચીસ હજાર જેટલા રૂપિયા કાઢી લેતો હતો. મને માફ કરજે, દોસ્ત.’


જયંતીભાઈ પટેલનું સાહિત્ય




‘ધરતીનો બીજો છેડો’

આ એવાં વડીલોની કથા છે કે જેમણે પોતાનાં દીકરા-દીકરીઓને ભણાવી પરણાવી અમેરિકા મોકલ્યાં છે ને પોતે પણ એ દીકરા-દીકરીઓની લોહીની સગાઈએ અમેરિકામાં એમની સાથે રહેવા આવ્યાં છે.

એ વડીલોને એમનાં દીકરા કે દીકરીઓ કેવી રીતે રાખે છે એનું આબેહુબ ચિત્રણ લેખકે આ નવલકથામાં બહુ જ સ્વાભાવિકતાથી કર્યું છે.

એટલું જ નહીં પણ એ વડીલોને આ વ્યથામાંથી મૂક્ત કરવા માટેની એક યોજનાની કલ્પના એવી આબેહૂબ કરી છે કે ભવિષ્યમાં કોઈ એને અમલમાં મૂકે તોય નવાઈ પામવા જેવું નથી.

લેખકે એમના દર્શન અને અનુભવનો નિચોડ આ નવલકથામાં ભરપૂર ઠાલવ્યો છે. આ નલકથા ન્યૂ જર્સીથી પ્રસિધ્ધ થતા માસિકપત્ર ‘વતન’માં હપ્તાવાર છપાઈ છે ને ઘણી વખણાઈ પણ છે. વાંચવા માટે નીચે કલીક કરો.

http://pustakalay.com

'હવે છેલ્લી ઘડીએ મન પર એવો બોજો રાખીશ નહીં. તારી દવામાં મેં જ ઝેર ભેળવી દીધું છે. એટલે હિસાબ સરભર.' નયને કહ્યું.

◆ ◆ ◆

## વેશ્યા અને વકીલ

'વેશ્યા અને વકીલ વચ્ચે શો ભેદ છે?

'માણસ મરી જાય પછી વેશ્યા એને નિચોવવાનું બંધ કરી દે છે.

◆ ◆ ◆

## નળિયાં ને વકીલ

'બસો ફૂટના છાપરાને ઢાંકવા કેટલા વકીલ જોઈએ?'

'એ તો તમે એમનાં કેટલાં પાતળાં પડ કાપો છો એના પર આધાર રાખે છે.

◆ ◆ ◆

## વકીલ અને ભગવાન

'વકીલ અને ભગવાન વચ્ચે શો તફાવત છે?'

'ભગવાન ક્યારેય એવું વિચારતો નથી કે પોતે વકીલ છે.

◆ ◆ ◆

તમને યાદ છે કે એક વખત પોસ્ટખાતાએ પ્રખ્યાત વકીલોની ટપાલ ટિકીટો બહાર પાડી હતી ને એક જ અઠવાડિયામાં પાછી ખેંચી લેવી પડી હતી!

લોકોને સમજણ જ નહોતી પડતી કે કઈ બાજુએ થૂંક લગાવવાની હતી!

◆ ◆ ◆

એક દિવસ એક પાદરી વાળ કપાવવા હજામની દુકાને ગયા. હજામે એમના વાળ કાપ્યા અને પૈસા લેવાની ના પાડી. પાદરીએ દલીલ કરી તો હજામ કહે : 'તમે ભગવાનનું કામ કરો છો મારાતી તમારી પાસે પૈસા ન લેવાય.' બીજે દિવસે એણે દુકાન ખોલીય ન હતી ત્યાં એક ડઝન બાયબલ પાદરીએ મોકલી આપ્યાં.


જયંતીભાઈ પટેલનું સાહિત્ય




'મનેખ માટીનાં'

ઘરમાં બધાંને અણગમતો થઈ ગયેલો કિરણ હતાશ હૈયે બહારની દુનિયાનો અનુભવ લેવા ઘેરથી ચાલી નીકળે છે.

એક દોસ્ત એને આશરો આપે છે ને નોકરી શોધી આપે છે. એક નિવૃત્ત શિક્ષિકા એને આગળ ભણવા ઉત્તેજે છે. અને એ કાંઈક બને છે. એ સારી ને મોભાવાળી નોકરીમાં જોડાય છે.

આટલે સુધી તો બધું બરાબર લાગે છે ને! પણ જીવનમાં આટલા આગળ વધ્યા પછી એ એના ઘરનાં માણસો સાથે કેવો વહેવાર કરે છે એ જાણવા માટે તો તમારે આ નવલકથા આખી જ વાંચવી પડશે.

જયંતીભાઈ પટેલની આ અને આવી અન્ય નવલકથાઓ વાંચવા માટે નીચે જણાવેલી વેબ સાઈટ પર વિચરણ કરો.
http://pustakalay.com

એ દિવસે એક પોલીસનો અમલદાર વાળ કપાવવા આવ્યો. હજામે તેની પાસેય એમ કહીને પૈસા ન લીધા કે તમે જનતાની સેવા કરો છો. મારાથી તમારી પાસે પૈસા ન લેવાય.' ને બીજે દિવસે એની દુકાને મફત સીક્યોરિટી સિસ્ટીમ આવી ગઈ.

ત્રીજે દિવસે એક વકીલ વાળ કપાવવા આવ્યો. હજામે એની પાસેય પૈસા ન લીધા. એ કહેઃ 'તમે કાયદાનું પાલન કરવામા જનતાની સેવા કરો છો એટલે મારાથી તમારી પાસે પૈસા ન લેવાય.' પછીને દિવસે એની દુકાન ખૂલે એ પહેલાં જ પંદર જેટલા વકીલો મફત વાળ કપાવવા લાઈન લગાવીને ઊભા હતા.

### વકીલ અને લાઈટ બલ્બ

'અક બલ્બ બદલવા કેટલા વકીલ જોઈએ?'

'ચાર, એક સીડી પર ચઢવા માટે, બીજો સીડી પકડી રાખવા માટે, ત્રીજો સીડીને હલાવવા માટે અને ચોથો સીડી બનાવનાર ને વેચનાર કંપની પર દાવો ઠોકી દેવા માટે.

◆ ◆ ◆

મદન ઉપર મર્સીડીઝ કાર ચોરવાનો આરોપ હતો. એના કાબેલ વકીલે એવી સચોટ દલીલો કરી કે ન્યાયાધિશે એને નિર્દોષ જાહેર કરી છોડી દીધો.

બે દિવસ પછી મદન એ જ ન્યાયાધિશ પાસે પાછો ગયો ને કહેવા લાગ્યો : 'યોર ઓનર, મારા વકીલ પર વોરંટ કાઢો.'

'હવે શું થયું? એણે તો તને નિર્દોષ છોડાવ્યો છે. તારે શા માટે એના પર વોરંટ કઢાવવું છે?'

'સાહેબ, મારી પાસે એની ફી આપવાના પૈસા ન હતા એટલે એ મારી ચોરેલી મર્સીડીઝ ગાડી લઈ ગયો છે.'

'હવે શું થયું? એણે તો તને નિર્દોષ છોડાવ્યો છે. તારે શા માટે એના પર વોરંટ કઢાવવું છે?'

'સાહેબ, મારી પાસે એની ફી આપવાના પૈસા ન હતા એટલે એ મારી ચોરેલી મર્સીડીઝ ગાડી લઈ ગયો છે.'

◆ ◆ ◆

આખરે આરામથી લંચ પતાવીને થોડો આરામ કરીને જજ કોર્ટમાં આવ્યા. પહેલો કેસ એક પીધેલા ડ્રાયવરનો હતો. એનું કહેવું એમ હતું કે પોલીસે એના પર ખોટો આરોપ લગાવ્યો હતો.

'નામદાર, હું સાચું કહું છું, હું તમારા જેટલો જ સ્વસ્થ છું.'

જયંતીભાઈ પટેલનું સાહિત્ય




ગોમતીગઢનો ખજાનો

નાના ગજાની એક લૂટારું ટોળકીના હાથમાં એક વખત લગભગ પાંચેક કરોડનો ખજાનો લૂટમાં આવી જાય છે.
ટોળકીનો સરદાર પોતાના સાથીદારોને સમજાવે છે કે બધી મળીને ચાલીસ હજારની મતા હાથમાં આવી છે. આમ કહી એ બધાને નાની નાની રકમ આપી બકીનો ખજાનો હડપ કરી જાય છે. પણ એનો એક સાથીદાર એ લૂટનો લગભગ બધો જ માલ ચોરીને એક ગુફામાં સંતાડી દે છે.
ને પછી શરૂ થાય છે ભાગ-પકડ ને કાવાદાવા ને નસીબની લીલા.
તેમાં ભળે છે મનુભા નામના એક દરબાર. પછી જે રંગત જામે છે એ માણવા માટે તો તમારે આ આખી નવલકથા

નવલકથા ઈન્ટરનેટ પર વાંચવા માટે નીચે જણાવેલી વેબ સાઈટ પર કલીક કરોઃ
http://pustakalay.com

ન્યાયાધિશ કહે : 'તેં ગુનો કબૂલ કરી દીધો છે એટલે તને એક મહિનાની સખત કેદની સજા કરવામાં આવે છે.' નામદાર ક્યાં સોબર હતા?

◆ ◆ ◆

એક બહુ પ્રમાણિક જજની આ વાત છે. એમણે બેય પક્ષના વકીલોને પોતાની ચેમ્બરમાં બોલાવ્યા ને કહ્યું : 'જુઓ, તમારામાંના એક જણે મને રૂ. ૧૫ હજારની લાંચ આપી છે ને બીજાએ ૧૦ હજારની લાંચ આપી છે. હું બહુ પ્ર માણિક માણસ છું મારે તમારો ખોટો લાભ લેવો નથી. તમે મિ. ગાંધી, તમારા આ વધારાના પાંચ હજાર રૂપિયા પાછા લો. હવે બેયના સરખા થયા એટલે કેસનો ફેંસલો સાચની તરફેંણમાં કરવામાં મને વાંધો નહીં આવે.

◆ ◆ ◆

'તમે માનશો, મારા દાદાને પોતાના મોતનાં તારીખ અને સમય બેયની અગાઉથી જ ખબર પડી ગયેલી.' એક જણે કહ્યું.

'એ તો આ જમાનામા આશ્ચર્ય કહેવાય. એવું કેવી રીતે બને?' બીજાએ કહ્યું.

'એમને એક મહિના પહેલાં જજે કહેલું.'

◆ ◆ ◆

લાંચ અંગેનો કેસ ચાલતો હતો. વકીલે સાક્ષીને પૂછ્યું : 'તમે આ કેસ લૂલો પાડવા માટે ૫૦૦૦ રૂપિયાની લાંચ લીધી છે?'

જવાબ આપવાને બદલે સાક્ષી બારીમાંથી બહાર જોઈ રહ્યો હતો. વકીલે ફરીથી એનો એ જ સવાલ કર્યો. તોય સાક્ષી શાંત જ રહ્યો.

છેવટે જજે વચમાં પૂરાતાં પૂછ્યું : 'તમે વકીલના સવાલનો જવાબ કેમ નથી આપતા?'

'મને એમ હતું કે એમણે તમને સવાલ પૂછ્યો છે.'

◆ ◆ ◆

ટ્રાફિકના એક સામાન્ય ગુનાને કારણે એક ન્યૂ યોર્કવાસીને કોર્ટમાં આવવું પડ્યું હતું. ચાર કલાક વાટ જોયા પછી જ્યારે અનો કેસ ચલાવવાની વારી આવી ત્યારે મૅજિસ્ટ્રેટ કહે : 'હવે કોર્ટ એડજર્ન થાય છે. બાકીના કેસવાળાએ કાલે સમયસર હાજર રહેવાની તકીદ કરવામાં આવે છે.'

'કાલે શા માટે?'

'તમે આ સવાલ કરીને કોર્ટનું અપમાન કર્યું છે. ૨૦ ડોલર દંડ.'

પેલા માણસે પાકીટ કાઢી પૈસા જોવા માંડ્યા તો જજ કહે : 'અત્યારે જ આપવાની જરૂર નથી, કાલે કેસ વખતે આપશો તો ચાલશે.'

પેલો કહે : 'હું તો એ માટે જોતો હતો કે મારે બીજો એક સવાલ પૂછવા જેટલા પૈસા એમાં છે કે નહીં.'


જયંતીભાઈ પટેલનું સાહિત્ય




**ધરતીનો બીજો છેડો**

પોતાનાં દીકરા દીકરીને સહારે અમેરિકા આવેલાં અને તેમની સાથે રહેતાં મા બાપને કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેનો તાદ્દશ્ય ચિતાર લેખકે આ નવલકથામાં આપ્યો છે.

વડીલો આવી પરિસ્થિતિથી ટેવાયેલાં ન હોઈ મનમાં મૂંઝવણ અનુભવે છે.

છેવટે આવાં વડીલોને માર્ગદર્શન આપનાર એક માણસ, મનોરભાઈ મળી જાય છે અને એમને પોતાનાં સંતાનોથી અલગ સ્વતંત્ર રહેવાખાવાની સગવડ ઊભી થાય છે.

પછી વડીલો કેવી રીતે રહે છે અને એમનાં સંતાનોની શી હાલત થાય છે એ જાણવા તમારે આ નવલકથા વાચવી જ રહી.

આ નવલકથા દેશમાં પુસ્તકાકારે છપાઈ છે, વેબ સાઈટ પર પ્રસિધ્ધ થઈ છે ને ન્યૂ જર્સીથી પ્રસિધ્ધ થતા રમેશ ગાનાકરના માસિકપત્ર 'વતન'માં હપ્તાવાર પણ છપાઈ છે ને વખણાઈ પણ છે. વાંચવા માટે નીચેની વેબ સાઈટ પર વિચરણ કરો.

http://pustakalay.com

## પ્લેન, એરપોર્ટ :-

### સામાન્ય કારણ

એક પ્લેન ટેકઓફ માટે રનવે તરફ જતાં અડધેથી પાછું લાવવામાં આવ્યું. પછી માંડ એક કલાક પછી પાછું ઊપડ્યું.

એક પેસેન્જરે એટેન્ડન્ટને પૂછ્યું : ‘પ્લેનને કેમ આટલું મોડું કરવું પડ્યું?’

એટેન્ડન્ટ કહે : ‘ખાસ કાંઈ ન હતું. પાયલોટને પ્લેનના એન્જિનમાં કાંઈક ખોટો અવાજ આવતો લાગ્યો એટલે એણે પ્લેન પાછું વાળી લીધેલું. એમારે બીજા પાયલોટની વ્યવસ્થા કરવામાં મોડું થઈ ગયું.’

◆ ◆ ◆

### એક અસામાન્ય પ્લેન ક્રેશ

એક નાનું બે બેઠકોવાળું પ્લેન એક કબ્રસ્તાનમાં તૂટી પડ્યું. છેલ્લા સમાચાર છે કે પાકિસ્તાની લશ્કરની બચાવ ટુકડીએ અત્યાર સુધીમાં ત્રણસો જેટલા મૃતદેહો બહાર કાઢ્યા છે ને હજુ વધારે મળવાની શકયતા છે. ખોદકામ રાતે પણ ચાલુ રહેવાનું છે.

◆ ◆ ◆

### સોરી દોસ્ત !

મારો એક દોસ્ત બોઈંગ ૭૪૭માં પાયલોટ છે. એનું નામ જેક. મેં એને કહ્યું :‘હાય, જેક’ અને તમે માનશો એણે મને સીધી ગોળી જ મારી દીધી એ તો સારું થયું કે એ પગમાં વાગી નહીં તો_’

◆ ◆ ◆

### એમાંની અડધી ટિકીટો !

એક એર લાઈને સ્પેશ્યલ ઓફર બહાર પાડીઃ જે પત્નીઓ પોતાના ધણીની ધંધાકીય સફરમાં સાથે જવા માગતી હોય તેમનું અડધું ભાડું.

પાછળથી એ બધી પત્નીઓને પર્સનલ કાગળ લખી તપાસ કરતાં બધેથી એક જ જવાબ સવાલરૂપે હજીય મળ્યા કરે છે : ‘કઈ ટ્રીપ?’

◆ ◆ ◆


જયંતીભાઈ પટેલનું સાહિત્ય




મેલા મનનું માણસ

ગામડા ગામના ભોળા માણસોની સામે જ્યારે માયાભારે તત્વો શિંગડાં ભરાવે છે ત્યારે ભોળા માણસોને ન છુટકે માથું ઊંચકવું પડે છે.
આ માથું ઊંચકવાની સજા કેવી થાય છે એ આ નવલકથામાં લેખકે સચોટતાથી નિરૂપ્યું છે.
ગેંદાલ, હરખા, સવિ અને મકના ઘાવેડુનાં પાત્રની માવજત લેખકે જે રીતે કરી છે એ જોતાં એમ જ લાગે છે કે લેખકે જિંદગીનાં ઘણાં વર્ષો આવા લોકોની વચ્ચે ગાળ્યાં હશે.
ગામડાની બોલી, ગામડાની રહેણીકરણી, ગામડાની અર્થવ્યવસ્થા અને ગામડાની નેતાગીરીનું લેખકે આબેહૂબ ચિત્રણ કર્યું છે.
આ નવલકથા એક વખત વાંચવી શરૂ કર્યા પછી તમને એમ લાગશે કે જાણે તમે એમાંનાં બધાં પાત્રોને વર્ષોથી જાણો છો. બધાં પાત્રો જીવંત થઈ તમારી આસપાસ ઘૂમતાં હોય એમ તમને લાગ્યા વગર રહેશે નહીં.
આ નવલકથા વેબ સાઈટ પર તમને વાંચવા મળશે.
http://pustakalay.com

## ૫૦-૫૦-૯૦નું સમીકરણ

જ્યારે તમને એમ લાગે કે સફળતાની શકયતાના ટકા ૫૦-૫૦ છે ત્યારે નકકી માનજો કે એમાં નિષ્ફળતાના ટકા ૯૦ છે.

⬥ ⬥ ⬥

## સરખું પ્રમાણ

એક ફાસ્ટ ફુડવાળાએ જાહેરાત કરી : પાંચ રૂપિયામાં સસલાની સેન્વીચ.

કોઈકે પૂછયું : 'આટલું સસ્તું તમે કેવી રીતે આપી શકો છો?'

'અમે સસલાના માંસમાં ભૂંડનું માંસ મેળવીએ છીએ.'

'બન્નેનું પ્રમાણ કેટલું રાખો છો' પેલાએ વધારે ઊંડી તપાસ કરી.

'સરખું પ્રમાણ રાખીએ છીએ. એક ભૂંડની સામે એક સસલાનું માંસ અમે મેળવીએ છીએ.'

⬥⬥⬥

## રૂપાળી છોકરી :-

## સામો કિનારો

બે રૂપાળી એક નદીને સામસામે કિનારે હતી ને એમણે એકબીજીને જોઈ. 'અલી, તું સામે કિનારે કેમની પહોંચી ગઈ?' પહેલીએ ઘાંટો પાડીને બીજીને પૂછયું.

'સામે કિનારે તો તું પહોંચી ગઈ છું. હું તો મારે કિનારે જ છું.' બીજીએ સામો ઘાંટો પાડીને કહ્યું.

⬥⬥⬥

## રૂપાળી છોકરીની તકલીફ

એક ઓફિસમાં ગોરી બોસના હાથ નીચે કાળી, ગોરી ને રૂપાળી એમ ત્રણ છોકરીઓ કામ કરતી હતી. આ ગોરી બોસ કાયમ બે કલાક વહેલી ઓફિસમાંથી નીકળી જતી હતી. એક દિવસ પેલી ત્રણેય છોકરીઓએ વિચાર્યું કે એ પણ એમની બોસની જેમ ગુલ્લી મારશે તો પકડાવાની શકયતા નથી.

એટલે એ ત્રણેય છોકરીઓ બીજે દિવસે બોસના ગયા પછી ગુલ્લી મારીને ઓફિસમાંથી બહાર નીકળી ગઈ. કાળીએ એક બારમાં જઈને જમાવી, ગોરીએ બાગમાં ઘાસ કાપવાનુ કામ કર્યું પણ રૂપાળીને જરા તકલીફ થઈ ગઈ. એ ઘેર પહોંચી તો એનો પતિ અને ગોરી બોસ બેય પ્રેમ મસ્તીમાં લીન હતાં. સારું થયું કે એમની નજર રૂપાળી પર ન પડી. રૂપાળી ઝડપથી સરકી ગઈ ને ઓફિસમાં પહોંચી ગઈ.

### જયંતીભાઈ પટેલનું સાહિત્ય



### વરણાગીલાલ

જાણે પરણવા માટે વર તૈયાર થઈને ઘોડે ચઢ્યો હોય એમ વનમાળી સદાય એની વરણાગીમાં જ રહેતો.

કેટલીય છોકરીઓ તેના પર મોહિત થઈ તેની સાથે વાત કરવા અને સંબંધ વધારવા માટે તલસતી હતી પણ વનમાળી એ બધીથી દૂર જ રહેતો હતો.

પણ એની આ વરણાગી લાંબો સમય ચાલી શકે એમ ન હતી. વનમાળીના ખિસ્સામાં છેલ્લી વીસની નોટ જ બચી હતી ત્યારે એક મિલમાલિકની દીકરી એષણાએ તેની સાથે વાત કરવા પ્રયત્ન કર્યો ને તેની આવી હાલત જોઈ તેને નોકરી અપાવી ને બેયની મૈત્રી જામી પડી.

વનમાળી પછી તો આપબળે ને પોતાની કુનેહથી આગળ વધતો જ ગયો.

પછી તો બેય પરણી ગયાં.

હવે આ મિલમાલિકની દીકરી ને એનો નખશીખ વરણાગીમાં શોભતો પતિ હાઈ સોસાયટીમાં પ્રવેશી ગયાં. પછી શું થયું એ જાણવા વાટ જુઓ. નવેમ્બર, ૨૦૦૫માં નીચેની વેબ સાઈટ પર આપને વાંચવા મળશે.:

http://pustakalay.com

બીજે દિવસે પેલી બે જણ કહે : 'કાલે મઝા આવી ગઈ. આવતે અઠવાડિયે ફરીથી ગુલ્લી મારીશું.'

'ના ફરીથી ગુલ્લી મારવાની નથી. કાલે તો હું જરામાં બચી ગઈ.' ગભરાઈને રૂપાળી બોલી ઊઠી.

◆ ◆ ◆

## રૂપાળીએ ઓડોમીટર પાછું ફેરવાવ્યું

એને એની કાર વેચવી હતી પણ એ ૨,૩૫,૦૦૦ માઈલ ચાલેલી હતી એટલે કોઈ એ લેવા તૈયાર થતું ન હતું. આખરે એણે પોતાના ભાઈને કાંઈક કરવા કહ્યું.

'વાંધો નહીં મારો એક દોસ્ત મીકેનીક છે એને બતાવી જોઈશ.' ભાઈએ કહ્યું અને પેલા મીકેનીક પાસે કાર લઈ ગયો.

'તારે ઓડો મીટર કેટલા પર મુકાવવું છે?'

'એમ કે ૪૦,૦૦૦ માઈલ પર મૂકી આપ.' ને મીકેનીકે તેના કહ્યા મુજબ ઓડો મીટર ફેરવી આપ્યું.

દસેક દિવસ પછી મીકેનીકે પૂછ્યું : 'તારી બેનની કાર વેચાઈ ગઈ?'

'ના, એ કહેઃ ફક્ત ૪૦,૦૦૦ માઈલ જ ફરેલી છે એટલે વેચવી નથી.'

◆ ◆ ◆

## બાપડું ડીઝની લેન્ડ

બે રૂપાળી ડીઝની લેન્ડ જવા નીકળી. રસ્તામાં એક રોડ સાઈન આવી : 'ડીઝની લેન્ડ લેફ્ટ' ને બેય જણીઓએ ગાડીઓ પાછી વાળી લીધી ને ડીઝની લેન્ડ ક્યાં જતું રહ્યું હશે એ વિચારતી ઘેર આવીને સૂઈ ગઈ.

◆ ◆ ◆

## બે મરણ

એક દિવસ રમેશે જોયું તો એની પડોશી રૂપાળી રડતી હતી. પૂછતાં ખબર પડી કે એની મા મરણ પામી હતી. રમેશે તેને કોફી બનાવી આપીને સાંત્વન આપ્યું. થોડી વાર પછી એ થોડી શાંત થયેલી લાગી એટલે પછી રમેશ પોતાને ઘેર ગયો.

બીજે દિવસે એને થયું કે પેલીની ખબર કાઢવી જોઈએ. એ કાલે ઘણી વ્યથિત લાગતી હતી. એટલે એ પેલીને ત્યાં ગયો તો આજેય રૂપાળી રડતી હતી.

'જો એમ કાયમ શોક કરવાનો ન હોય. હવે તારે મન મનાવી લેવું જોઈએ.' તેણે કહ્યું.

તો વધારે જોરથી રડતાં રૂપાળીએ કહ્યું : 'હું મારીમાના મરણને નથી


જયંતીભાઈ પટેલનું સાહિત્ય



શમણાં

ભાઈભાભીનાં મેણાંટોણાંથી થાકીને નવનીત આફ્રિકા ચાલ્યો જાય છે. ત્યાં નસીબ એને યારી આપે છે. એ પરણે છે.

ત્યાંથી એ ઈંગ્લેન્ડ જાય છે. એટલું બધું કમાય છે કે એને પોતાનેય પૈસાનો ઘરાવો આવી જાય છે.

ત્યાં અચાનક એને પોતાનું ગામ અને પોતાના ભાઈઓ યાદ આવે છે. ચાલીસ વર્ષ બાદ એ પહેલી વખત ગામમાં જવાનો વિચાર કરે છે. પણ એક કરોડપતિ તરીકે નહીં પણ એક થાકેલા હારેલા મુફલિસ માણસ તરીકે.

મોટાભાઈ તો એના દીદાર જોતાં જ સમજી જાયછે કે એ અંતે આવી ગયેલો છે અને મિલકતમાં ભાગ માગવા જ આવ્યો છે. એ મોઢું ફેરવી લે છે. પણ નવનીતના બે દોસ્તો એને આશરો આપે છે.

પછી જે રંગત જામે છે એ માણવા નીચે જણાવેલી વેબ સાઈટ પર વિચરણ કરવાનું રહેશે.

http://pustakalay.com

રડતી. આજે મારી બેનનો ફોન આવ્યો હતો તો ખબર પડી કે એનીય મા મરી ગઈ છે.'

⬥ ⬥ ⬥

## કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, પ્રોગ્રામર :-

### હેલી સોફ્ટ

હેલીકોપ્ટર સિયાટલ પરથી ઊડી રહ્યું હતું ને અચાનક એના ઈલેક્ટ્રોનિક સરકીટમાં કશીક ગરબડ ઊભી થઈ. વાદળાં ને ખરાબ હવામાનને કારણે પાયલોટને પોતાની પોઝીશનનો ચોકક્સ અંદાજ આવતો ન હતો. છેવટે એક ઊંચી ઈમારતનું ચકકર મારતાં એણે એક તુકકો અજમાવ્યો. એણે એક કાગળમાં મોટા અક્ષરે લખ્યું : 'હું કયાં છું?' ને કાગળ ઈમારતની અગાસીમાં ફેંકયો.

ઈમારતના લોકોએ એનો તરત જ જવાબ આપ્યો. તેમણે મોટા અક્ષરોમાં અગાસી પર લખ્યું : 'તમે હેલીકોપ્ટરમાં છો.'

પાઈલોટે હસીને હાથ હલાવ્યો અને પોતાના નકશામાં જોઈને હેલીકોપ્ટર ઘુમાવ્યું અને થોડી જ વારમાં સિયાટલના એરપોર્ટ પર લેન્ડ પણ કર્યું. કોપાયલોટે એને પૂછ્યું : 'તમે આ કેવી રીતે કર્યું?'

'મને એમના જવાબ પરથી જ લાગ્યું કે એ માઈક્રોસોફ્ટનું જ બિલ્ડિંગ હોવું જોઈએ, કારણ કે એમણે મને જે જવાબ આપ્યો તે એમની કાયમની રીત મુજબનો હતો. ટકનિકલી બરાબર પણ બીજી બધી રીતે બીનઉપયોગી.

⬥ ⬥ ⬥

### કોમ્પ્યુટરજ્ઞાન

એક પ્રોજેક્ટ મેનેજર, એક કોમ્પ્યુટર પ્રોગ્રામર અને એક કોમ્પ્યુટર ઓપરેટર ત્રણ જણા કારમાં જતા હતા ત્યાં અચાનક એક ટાયર ફલેટ થઈ ગયું. એટલે ત્રણેય જણા આ આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા વિચારવા માંડ્યા.

પ્રોજેક્ટ મેનેજર કહે : 'આપણે ટેક્સી કરી લઈએ. દસ જ મિનિટમાં આપણે પાર્ટીને સ્થળે પહોંચી જઈશું.'

કોમ્પ્યુટર પ્રોગ્રામર કહે : 'એમ કરવાની જરૂર નથી. કારમાં કારનું મેન્યુઅલ હશે. એનો સ્ટડી કરીને હું જોતજોતામાં કારનું ટાયર બદલી કાઢી શકીશ.'

તો કોમ્પ્યુટર ઓપરેટર કહે : 'આપણે એમ કરીએ. પહેલાં એંજિન બંધ કરી દઈએ. થોડી વાર પછી ચાલુ કરીએ; કદાચ એમ કરવાથી પ્રોબ્લેમ ઉકલી જશે.'

એવામાં ત્યાંથી માઈક્રોસેફ્ટનો એક એંજિનીયર પસાર થતો હતો તે મદદ કરવા ઊભો રહ્યો. એ કહે : 'એનાથી એક બહુ સારો ઉપાય છે. પહેલાં બધી વીન્ડો બંધ કરી દો અને કારમાંથી બહાર નીકળી જાવ. થોડી વાર પછી કાર


જયંતીભાઈ પટેલનું સાહિત્ય




જો થઈ છે!

ભણવામાં નિષ્ફળ ગયેલો અને મોટી ઉંમર સુધી પરણવામાંથી રહી ગયેલો એક યુવાન નસીબ સંજોગે પોતાનાથી મોટી ઉંમરની એક સ્ત્રીની સાથે પરણી જાય છે.

પછી પેલી શહેરી યુવતીને લઈને પોતાના ફાર્મ પર રહેવા ચાલ્યો જાય છે.

ભણવામાં નિષ્ફળ ગયેલો અને ખેતી કે પડુપાલનથી સાવ અજાણ્યો છતાં એ છેવટના આરા જેવા આ કામને વળગી પડે છે.

એની અને એની પત્નીની ધગશને કારણે એમના ફાર્મની આવક વધી જાય છે ને એમના સ્વભાવને કારણે એમની પણ ગામમાં આબરૂ બંધાય છે.

પછી જે અવનવા પ્રસંગોની હારમાળા સર્જાય છે એ વાંચકોને એક નવી જ દુનિયાની ઝાંખી કરાવી જાયછે.

તો વાંચો "જો થઈ છે". વાંચવા માટે અહીં કલીક કરો

ચાલુ કરો. હું માનું છું કે બધું બરાબર થઈ જશે.'

◆ ◆ ◆

## બીલ ગેઈટ્સ અને જનરલ મોટર્સ

બીલ ગેઈટ્સ એક વખત જનરલ મોટર્સના ચેરમેન સાથે વાત કરતો હતો : 'જો છેલ્લા બેત્રણ દાયકામાં ઓટોમોટિવ ટકનોલોજીએ કોમ્પ્યુટર ટેકનોલોજી સાથે હાથ મિલાવીને કામ કર્યું હોત તો આજે તમે વી-૮ને બદલે વી-૩૨ ગાડી ચલાવતા હોત અને તેની સ્પીડ કલાકે દસ હજાર માઈલ સુધીની હોત. અને ઈકોનોમી કારનું વજન ફકત ૩૦ જ રતલ હોત અને એ ગેલને ૧૦૦૦ માઈલની એવરેજ આપતી હોત. એટલું જ નહીં પણ તેની કિંમત પણ ૫૦ ડોલર ફકત હોત.'

'તમારી બધી વાત સાચી છે પણ એક દિવસમાં ચાર વખત ક્રેશ થઈ જાય એવી કારમાં બેસવાનું તમે પસંદ કરત ખરા?' જીએમના ચેરમેને કહ્યું.

◆ ◆ ◆

એક પ્રોગ્રામર દરિયામાં નહાવા પડ્યો ને ડૂબવા માંડ્યો. એણે ચીસો પાડવા માંડી : F1, F1. આસપાસ ઘણા માછીમારો હતા. પણ એમને સમજાય તે બચાવવા જાય ને!

◆ ◆ ◆

## સૂચનાની એસી તેસી

એક જુવાનિયો સીગારેટ ફૂંકતો હતો ને હવામા ધૂમાડાની રીંગો છોડતો હતો. એની સાથેની એની દોસ્ત એ ધૂમાડાથી ગૂંગળાઈને બોલી : 'તેં કદી સીગરેટના બોક્સ પર લખેલી ચેતવણી વાંચી છે ખરી? સીગારેટ પીવી એ તબિયતને હાનિકારક છે.'

'ડિયર, હું કોમ્પ્યુટરનો પ્રોગ્રામર છું. એવી ચેતવણીથી અમે લોકો ડરતા નથી અમે ડરીએ છીએ એરરથી.'

◆ ◆ ◆

## આઈબીએમ અને લાઈટબલ્બ

'એક લાઈટબલ્બ બદલવા માટે આઈબીએમના કેટલા કામદારોની જરૂર પડે?'

'૧૦,૦૦૦ની; એક જણ બલ્બ પકડી રાખવા માટે ને બાકીના ૯,૯૯૯ બિલ્ડિંગને ફેરવવા માટે.'

◆ ◆ ◆

## ક્રેશ

મને લાગે છે કે હું મારાં પેડ, પેન્સિલ અને યાદશક્તિ પર જ આધાર રાખું એ જ ઉત્તમ છે.

આમ તો હજુ સુધી કોઈ કોમ્પ્યુટરના ક્રેશથી મરી ગયાનું સાંભળ્યું નથી પણ જ્યારે એ ક્રેચ થાય છે ત્યારે ભલભલાને એમ થાય છે કે આનાથી મરવું ભલું.

◆ ◆ ◆

### યુઝર્સ ગાઈડ

પ્રોગ્રામર પિતા એના દીકરાને : 'ડેની, હું તારે માટે આજે બાસ્કેટબોલ ને એનાં પોલ અને બાસ્કેટ લઈ આવ્યો છું. પણ એની યુઝર્સ ગાઈડ લાવતાં ભૂલી ગયો છું એ કાલે લેતો આવીશ.'

◆ ◆ ◆

## ઓફિસ, બોસ, સ્ટેનો :-

### સારી ઓફરનો સારો જવાબ

બોસ નોકરીના ઉમેદવારને : 'હું તમને કલાકના આઠ ડોલર આપીશ અને ત્રણ મહિના પછી કલાકના દશ ડોલર કરી આપીશ. બોલો, કયારથી શરૂ કરો છો?'

'ત્રણ મહિના પછી.'

◆ ◆ ◆

### પહેલી ભૂલ

બોસ (નવા કલાર્કને) : 'આપણી ઓફિસમાં આપણે સ્વચ્છતાનો ખાસ આગ્રહ રાખીએ છીએ. તમે ઓફિસમાં આવ્યા ત્યારે પગલૂછણિયા પર તમારા બૂટ બરાબર ઘસીને આવ્યા હતા?'

કલાર્ક : 'હા, સાહેબ.'

બોસ : 'સાથેસાથે આપણે સાચું બોલવાનો આગ્રહ પણ રાખીએ છીએ. બારણા પાસે પગલૂછણિયું જ નથી.'

◆ ◆ ◆

## કોલેજ, વિજ્ઞાની, પ્રોફેસર :-

### અઘરો શબ્દ

રસસયણશાસ્ત્રના એક પ્રોફેસર દવાની દુકાનવાળાને : 'તમારી પાસે એક્ષેટીલસેલીસીલીક એસિડ છે?'

'એટલે કે એસ્પરીન?'

પ્રોફેસર : 'હા, એ જ. મને એસ્પરીન શબ્દ યાદ જ નથી રહેતો.'

◆ ◆ ◆

### હવામાં જ

બે આંકડાશાસ્ત્રી પ્લેનમાં લોસ એંજલ્સથી ન્યૂ યોર્ક જઈ રહ્યા હતા. એકાદ કલાક થયો હશે ને પાઈલોટે જાહેરાત કરી : 'પ્લેનના ચારમાંનું એક એન્જીન ફેઈલ ગયું છે પણ ચિંતા કરવાની જરૂર નથી. બાકીનાં ત્રણ એન્જીનથી પ્લેન ઊડી શકશે. હા, ન્યૂ યોર્ક પહોંચતાં પાંચને બદલે સાત કલાક લાગશે.'

વળી બીજો એકાદ કલાક થયો હશે ને પાયલોટે બીજી જાહેરાત કરી : 'પ્લેનનું બીજું એન્જીન પણ ફેઈલ

થયું છે છતાં ગભરાવાની જરૂર નથી. બે એન્જીનથી પણ પ્લેન ઊડી શકશે. હા, ન્યૂ યેર્ક પહોંચતાં છને બદલે દશ કલાક લાગશે.'

પાછો એકાદ કલાક થયો હશે ને એણે ત્રીજી જાહેરાત કરી : 'પ્લેનનું ત્રીજું એન્જીન ફેઈલ ગયું છે પણ વાંધો નહીં પ્લેન એક એન્જીનથી પણ ઊડી શકશે. હા, ન્યૂ યોર્ક પહોંચતાં નવ કલાકને બદલે હવે અઢાર કલાક લાગશે.'

આ સાંભળી મનમાં કશી ગણતરી કરી એક આંકડાશાસ્ત્રી બીજાને કહે : 'જો આ ચોથું એન્જીન પણ ફેઈલ થઈ જશે તો આપણે કાયમ હવામાં તરતાં જ રહેવાનું થશે ને મારે તો સોમવારે ન્યૂ યોર્ક યુનિવર્સિટીમાં લેક્ચર આપવાનું છે.'

⬘⬘⬘

## ડોક્ટર, નર્સ, હોસ્પિટલ :-

'ડોક્ટર, મને મદદ કરો. મારા હાથ બહુ ધ્રુજે છે.'

ડોક્ટર કહે : 'તમે બહુ પી લીધું લાગે છે.'

'બહુ ક્યાં પીધું છે? અડધું તો છલકાઈ જાય છે.

⬘⬘⬘

## હાર્ટ એટેકનું કારણ

જાપાનીઝ લોકો બહુ ઓછું ફેટ ખાય છે અને અંગ્રેજ ને અમેરિકાન કરતાં ઓછા હાર્ટ એટેકના ભોગ બને છે.

એની સામે ફ્રેન્ચ લોકો ઘણું વધારે ફેટ ખાય છે છતાં અમેરિકન કે અંગ્રેજ કરતાં હાર્ટ એટેકના ભોગ ઓછા બને છે.

જાપાનીઝ લોકો બહુ ઓછા પ્રમાણમાં રેડ વાઈન પીએ છે છતાં અંગ્રેજ કે અમેરિકન કરતાં હાર્ટ એટેકના ભોગ ઓછા બને છે.

ઈટાલિયન લોકો વધારે પ્રમાણમાં રેડ વાઈન પીએ છે છતાં અમેરિકન કે અંગ્રેજ કરતાં હાર્ટ એટેકના ભોગ ઓછા બને છે.

બધી વાતોનો એક જ સાર છે કે તમે ગમે તેટલું અને ગમે તે ખાવ પણ અંગ્રેજી ભાષા જ હાર્ટ એટેક જન્માવે છે.

⬘⬘⬘

ડોક્ટર ઘેનમાંથી બહાર આવતા દર્દીને : 'હું બહુ દિલગિર છું પણ મારે તમારું ઓપરેશન ફરીથી કરવું પડશે. મારું એક રબર ગ્લોઝ અંદર રહી ગયું છે.'

'જો એટલા માટે જ ફરીથી ઓપરેશન કરવાનું હોય તો એની જરૂર નથી. હું તમારા એ ગ્લોઝની કિંમત આપી દઈશ.'

⬘⬘⬘

ડોક્ટર : 'મને તમારા રોગની કશી ખબર જ પડતી નથી. મને લાગે છે કે વધારે પડતો શરાબ પીવાને કારણે હશે.'

'વાંધો નહીં ડોક્ટર તમે જ્યારે પીધેલા નહીં હો ત્યારે આવીશ.'

◆ ◆ ◆

દર્દી : ડોક્ટર, મારો હાથ બે જગ્યાએથી ભાંગી ગયો છે તો મારે શું કરવું?

ડોક્ટર : સીધી વાત છે, તમારે એવી જગ્યાઓથી દૂર રહેવું.

◆ ◆ ◆

'ડોક્ટર તમને ખાત્રી છે કે મને ન્યુમોનિયા જ થયો છે? ઘણી વખત એવું બને છે કે ડોક્ટર દવા કરતા હોય ન્યુમોનિયાની ને દર્દી મરી જાય હાર્ટ એટેકથી.'

'ચિંતા કરવાની જરૂર નથી જ્યારે હું ન્યુમોનિયાના દર્દીની દવા કરતો હોઉં છું ત્યારે દર્દી ન્યુમોનિયામાં જ મરી જાય છે.'

◆ ◆ ◆

એને બન્ને કાન પર પાટા બાંધેલા હતા એટલે એના બોસે એને પૂછ્યું : 'અલ્યા શું થયું?'

'અરે, વાત જ ન પૂછો. કાલે તમારો ફોન આવ્યો ત્યારે હું કપડાંને ઈસ્ત્રી કરતો હતો. તે ફોનના રીસીવરને બદલે_'

'એ તો સમજાયું પણ આ બીજા કાનને શું થયું?'

'કેમ, દાકતરને ફોન કરવા ગયો ને_'

◆ ◆ ◆

ડોક્ટર એના કાર મિકેનિકને : 'તમારું બિલ અમારા દાક્તરનાં બિલ કરતાંય ડબલ છે.'

મિકેનિક : 'એનું કારણ છે. તમારે મનુ ભગવાનના સમયથી એક જ જાતનાં મોડેલ પર કામ કરવાનું હોય છે જ્યારે અમારે હજારો મોડેલ સાથે કામ કરવું પડતું હોય છે.'

◆ ◆ ◆

આંખોના ડોક્ટરને દર્દી : 'જ્યારે જ્યારે હું કોફી પીઉં છું ત્યારે મારી આંખમાં એવું ખૂંચે છે કે ન પૂછો વાત.'

ડોક્ટર : 'કોફી પીતા પહેલાં કપમાંથી ચમચી બહાર કાઢી લેવાની ટેવ પાડો.'

◆ ◆ ◆

એક રૂપાળી છોકરી એક ડોસીને લઈને દવાખાનામાં આવી : 'ડોક્ટર, અમારે તપાસ કરાવવાની છે.'

'ઓકે. પેલા પડદા પાછળ જઈને બધાં કપડાં કાઢી નાંખો ને વાટ જુઓ.'

'ડોક્ટર, મારે નહીં પણ મારાં દાદીમાને તપાસ કરાવવાની છે.'

'એમ છે? તો માજી, આ સ્ટૂલ પર બેસો ને તમારી જીભ બતાવો.'

◆ ◆ ◆

એક વખત કાકાને દવાખાને જવાનું થયું. એ સાયકયાસ્ટ્રીકને કહે : 'ડોક્ટર કોઈ માણસ બહારથી નોર્મલ જણાતો હોય તો તમે એને શું થયું છે એમ માત્ર પ્રશ્નો પૂછીને કેવી રીતે જાણી શકો?'

ડોક્ટર કહે : 'એ થોડું અઘરું છે. પહેલા તો હું એને એવો સવાલ પૂછું કે જોનો જવાબ બધા જ નોર્મલ માણસો આપી શકે. દાખલા તરીકે : કોલંબસે દરિયાની ત્રણ સફર કરી અને એમાંની એક સફર દરમિયાન એ મરી ગયો. તો મને કહેશો કે એ એની કેટલામી સફર હતી?'

કાકા ગૂંચવાતાં કહે : 'દાક્તર, બીજું પૂછો તો સારું. મને ઈતિહાસમાં બહુ ખબર પડતી નથી.'

⬥ ⬥ ⬥

કાકાઃ 'ડોક્ટર, મારી પત્નીના કાકડા કપાવવા જ પડશે.'

દાકતરઃ 'એવું કેવી રીતે બને? મેં હજુ બે વરસ પહેલાં જ તમારી પત્નીના કાકડા કાપેલા છે. બીજી વખત કાકડા કપાવવા જ ન પડે.'

પણ દાક્તર બીજી વખત પરણી તો શકાયને? આ મારી નવી પત્ની છે.'

⬥ ⬥ ⬥

એક નર્સ નવી નર્સોને હોસ્પિટલ બતાવતી હતી. છેલ્લે એક વિભાગ તરફ જતાં એણે કહ્યું : 'હવે આપણે જ્યાં જઈએ છીએ એ ખાસ સાવચેતી રાખવા જેવો વિભાગ છે. ત્યાં બધા દર્દીઓ લગભગ સાજા થઈ ગયેલા છે એટલે એમનાથી સાચવીને રહેવું જરૂરી છે.'

⬥ ⬥ ⬥

ડોક્ટર એક નર્સની સાથે વોર્ડની વિઝિટ કરતા હતા. પહેલા જ બેડમાં એક દર્દી મરણતોલ દશામા હતો. ડોક્ટરે નર્સને પૂછ્યું : 'આ દર્દીને દર આઠ કલાકે બેબે ગોળી આપી હતી?'

'સોરી ડોક્ટર મેં એને દર બે કલાકે આઠઆઠ ગોળી આપેલી.'

⬥ ⬥ ⬥

દર્દી ડોક્ટરની રીસેપ્નીસ્ટને : 'ડોક્ટર નથી? મારે એપોઈન્ટમેન્ટ લેવી હતી.'

'તમે મારી પાસેથી એપોઈન્ટમેન્ટ મેળવી શકો છો.'

'ઠીક, તો તમે કયારે ફ્રી થાવ છો? મારે આજે રાતના ડીનર અને સવારના નાસ્તાની એપોઈન્ટમેન્ટ જોઈએ છે.'

⬥ ⬥ ⬥

એક કપલ ડેન્ટીસ્ટની ઓફિસમાં આવે છે. પતિ : 'જુઓ ડોક્ટર હું બહુ જલ્દીમાં છું મારે ગેસ કે બહેરાશના ઈંજક્શનની જરૂર નથી. તમે જલ્દીથી દાંત ખેંચી કાઢો.'

ડોક્ટર : 'તમે બહુ બહાદુર લાગો છો. બતાવો કયો દાંત કાઢવાનો છે?'

પતિ પત્નીને : 'બતાવ તારો કયો દાંત દુઃખે છે?'

⬥ ⬥ ⬥

ડેન્ટીસ્ટ દર્દીને : ' તમે મને મદદ કરશો? તમે દુઃખની મોટામાં મોટી કેવી ચીસ પાડી શકો છો એ પાડી બતાવો, મારે સાંભળવી છે.'

'મરો દાંત કાઢતાં એટલું બધું દુઃખવાનું છે?'

'ના, પણ બહાર સાત આઠ દર્દીઓ બેઠા છે ને મારે આજની ક્રિકેટ મેચ જોવાનો સમય થવા આવ્યો છે.'

◆◆◆

ડેન્ટીસ્ટ : 'તમારા દીકરાનો દાંત કાઢવાના તમારે રૂપિયા ૨૫૦ આપવા પડશે.'

'પણ ડોક્ટર તમે બીજા પાસેથી તો કાયમ ૫૦ જ ચાર્જ કરો છો?'

'હા, પણ તમારા દીકરાએ જો ભયંકર ચીસ પાડી એ સાંભળીને મારા ચાર દર્દીઓ ભાગી ગયા એનું શું?'

◆◆◆

અમારા ગામના એક દેશી વૈદ પાસે એક માણસ આવ્યો ને કહે : 'દાક્તર, મને હેડકી માટેની કોઈ અકસીર દવા આપો.'

વૈદ કહે : 'અકસીર જ જોઈએ છીએ?'

પેલો કહે : 'હા.'

ને વૈદે પેલાના ગાલ પર કસકસાવીને એક તમાચો ચોઢી દીધો. પેલો રાતોપીળો થતાં બોલી ઊઠ્યો : 'તમે તો દાક્તર છો કે ઊંટવૈદ?'

'તારે જે માનવું હોય એ માન પણ કહે કે તારી હેડકી બંધ થઈ ગઈ કે નહીં?'

'પણ હેડકી તો મારી બૈરીને આવે છે ને એ તો ઘેર છે.'

◆◆◆

દાકતર નયન ઘેર આવીને આરામ કરતા હતા ત્યાં ફોન આવ્યો : તું ઘેર શું કરે છે? અહીં અમારે પોકરમાં એક પાર્ટનર ખૂટે છે. ફોન મૂકીને નયને કોટ પહેરવા માંડ્યો.

પત્ની : કશું સીરિયસ છે?

નયન : હા, ઘણું જ સીરિયસ, ત્રણ દાકતર તો ત્યા પહોંચી પણ ગયા છે.

◆◆◆

છગન(ફોન પર) : દાકતર જલ્દી આવો. મારો દીકરો રેઝર-બ્લેડ ગળી ગયો છે.

દાકતર : હું તરત જ આવું છું. પણ તમે કાંઈ કર્યું છે?

છગન : હા, મેં ઈલેક્ટ્રીક શેવરથી દાઢી કરી લીધી છે.

◆◆◆

દાકતર : જોયું ને દાકતરે કહેલી પરેજી પાળવાથી કેટલો ફાયદો થાય છે? હવે કાલથી તમે દાદરો ચઢી-ઊતરી શકશો.

છગન : આભાર દાકતર સાહેબ. પંદર દિવસથી દોરડું પકડીને બેબે માળ ચઢવા-ઊતરવાનું ને બારીમાંથી પેસવા-નીકળવાનું બહુ અઘરું પડતું હતું.

◆◆◆

પેલી એક વાત તો જાણીતી જ છે કે દાક્તરનું લખાણ ફક્ત દવાવાળા જ ઉકેલી શકે છે. એવો જ એક અનુભવ અમારા ગામના દાકતરનેય થયેલો. એમને એક સભામાં ભાષણ આપવાનું હતું. એમણે મહેનત કરીને ભાષણના મુદ્દા એક કાપલી પર લખી રાખ્યાય હતા. પણ જ્યારે ભાષણ આપવા એ ઊભા થયા ત્યારે જ

કમબખ્તી થઈ. એમનું લખાણ ખુદ એમને જ ઉકલે નહીં. છેવટે એમણે માઈક પરથી એનાઉન્સ કર્યું : 'સભામાં કોઈ કેમીસ્ટ છે?'

⬘ ⬘ ⬘

દર્દી : 'આ જોખમી ઓપરેશનમાં હું બચી શકીશ ખરી?'

સર્જ્યન : 'હું કહું છું કે તમે ચોક્કસ બચી જશો.'

'તમને એવી  ખાતરી કેમ છે?'

'કારણ કે આ ઓપરેશનમાં બચવાના ચાન્સ દસે એક હોય છે અને અત્યાર સુધીમાં મારાં નવ ઓપરેશનો ફેઈલ ગયાં છે. હવે તમે દસમા છો એટલે બચી જ જશો એની ખાતરી છે.'

⬘ ⬘ ⬘

## વાણીજ્ય _ આંકડાશાસ્ત્ર :-

એક એકાઉન્ટન્ટ મ્યુઝિયમ જોવા ગયા હતા. ડાયનોસરના હાડપિંજર પાસે જઈને પોતાના જોડીદારને કહેઃ 'આ ડાયનોસર બે અબજ વર્ષ અને દસ મહિના પુરાણું છે.'

પેલો એની સામે તાકતા કહે : 'તું આટલી બધી ચોકસાઈથી કેવી રીતે કહી શકે છે?'

'હું દસ મહિના પહેલાં અહીં આવેલો ત્યારે ક્યુરેટરે મને કહેલું કે એ બે અબજ વર્ષ પુરાણું છે.'

⬘ ⬘ ⬘

'એકાઉન્ટન્ટ નવલકથા કેમ વાંચતા નથી?'

'કારણ કે એમાં ફકત પાન નંબર સિવાય ક્યાંય આંકડા હોતા નથી.'

⬘ ⬘ ⬘

એક કંપનીનો માલિક દોસ્તને : 'થાકી ગયા, યાર, અમે કેટલાય વખતથી એકઉન્ટન્ટને શોધીએ છીએ.'

'પણ મને યાદ છે કે તમે કેટલાક સમય પહેલાં એક એકાઉન્ટન્ટને નોકરીમા લીધો હતો. તેનું શું થયું?'

'એની જ તો આ રામાયણ છે. અમે તેને જ ચાર મહિનાથી શોધીએ છીએ.'

⬘ ⬘ ⬘

એક આંકડાશાસ્ત્રીને એવી ટેવ કે રોડ જ્યાં ક્રોસ થતા હોય ત્યા ઝડપથી કાર ચલાવીને ક્રોસ કરી લે. કોઈકે એને આનું કારણ પૂછ્યું તો કહે : 'આંકડાશાસ્ત્ર ચોખ્ખું કહે છે કે જ્યાં રસ્તા ક્રોસ તતા હોય ત્યાં જ વધારે પડતા અકસ્માત થાય છે, એટલે હું એવી જ્ગ્યા ઝડપથી પસાર કરી દઉં છું.'

⬘ ⬘ ⬘

બે સમાજકલ્યાણ અધિકારીઓ પસાર થતા હતા ત્યાં બાજુમાંથી દર્દભર્યો અવાજ આવ્યો : 'મને મદદ કરો કોઈ બદમાસે મારો પગ ભાંગી નાંખ્યો છે ને મને લૂટી લીધો છે.'

પેલા બેય એની નજીક ગયા, એને જોયો ને પાછા પોતાને રસ્તે પડ્યા. રસ્તામાં એક કહે : 'જેણે આ કામ કર્યું હોય એ જો મળી જાય તો એને સુધારવાનું કામ કરવા જેવું પૂન્યનું કામ જગતમાં કોઈ નથી.'

◆◆◆

## મૂર્ખની અગત્યતા

મૂર્ખ માણસ અને તેની મૂડી દેશના અર્થતંત્રને સમતોલ રાખે છે.

◆◆◆

## આંકડાશાસ્ત્રી

જો તમારે ત્રણ જણના અભિપ્રાય લેવાની વેળા આવે તો બે આંકડાશાસ્ત્રીને પૂછવું પૂરતું થઈ પડશે.

◆◆◆

## નેતા, રાજકારણ :-

એક વખત ત્રણ છોકરા લેકને કિનારે ફરતા હતા ને તેમણે કોઈની ચીસો સાંભળી : 'બચાવો, બચાવો.'

એમણે ત્યાં જઈને જોયું તો પ્રેસિડેન્ટ બુશ ડૂબતા હતા. તેમણે લેકમાં કૂદી પડીને બુશને બચાવી લીધા.

બહાર આવ્યા પછી બુશ એ છોકરાઓને કહે : 'તમે મારો જાન બચાવ્યો છે. કહો હું તમારે માટે શું કરું?'

એક છોકરો કહે : 'મારે બોટ જોઈએ છીએ.'

બીજો કહે : 'મારે એક ટ્રક જોઈએ છીએ.'

તો ત્રીજો કહે તમારે અમારે માટે કાંઈ કરવું જ હોય તો અમારા ત્રણેયની કબર પર મૂકવા અમારાં નામ કોતરાવેલા પથ્થર બનાવરાવી આપો.'

ગૂંચવાતાં બુશ કહે : 'એમ કેમ?'

તો ત્રીજો છોકરો કહે : 'અમે તમને બચાવ્યા એમ જાણશે તો મારા બાપ અમને ત્રણેયને જીવતા જ નહીં મૂકે.'

◆◆◆

નેતાજી ગાંડાની હોસ્પિટલની મુલાકાતે ગયા હતા : (દાકતરને) તમે કેવી રીતે જાની શકો કે દર્દી સાજો થઈ ગયો છે?

દાકતર : અમે એને હાથમાં એક કપ અને ચમચી આપીએ છીએ ને પછી પાણી ભરેલું બાથ ટબ ખાલી કરવાનું કહીએ છીએ.

નેતા : પછી એ ચમચીને બદલે કપથી ટબ ખાલી કરતો હશે.

દાક્તર : ના, એ ટબનો વાલ્વ ખોલી નાખે છે.

નેતા : ટબ ખાલી કરવા માટે પણ વાલ્વ હોય છે?

◆◆◆

## પતિ, પત્ની :-

પતિએ પરણ્યાની પહેલી રાતે જ પત્ની પાસે એક વચન લીધું હતું કે આખા ઘરમાં એક ડ્રોવર એનું

એવું હોવું જોઈએ કે પત્ની ક્યારેય એ ખોલે નહીં. ને પત્નીએ એ કબૂલ રાખેલું ને ત્રીસ વરસ સુધી એણે એ વચન પાળેલું પણ ખરું. પણ એક દિવસ ડ્રોવર ખૂલ્લું રહી ગયેલું ને એની નજર અંદર પડી તો એમા ગોલ્ફના ત્રણ બોલ અને એક હજાર ડોલરની નોટો પડી હતી.

એણે પતિને એ માટે પૂછ્યું તો એ કહે : 'મેં નક્કી કરેલું છે કે હું જેટલી વખત તને બેવફા થાઉં એટલી વખત એમાં એક ગોલ્ફ બોલ મૂકવો.'

પત્નીને થયું કે એમાં બહુ દુઃખ લગાડવા જેવું ન હતું. ત્રીસ વરસમાં ત્રણ વખત સામાન્ય કહેવાય. 'અને આ હજાર ડોલર રોકડા છે એનું શું?'

'એ તો એમ કે જ્યારે ડ્રોવરમાં એક ડઝન બોલ ભેગા થાય ત્યારે હું એને દસ ડોલરના ડઝનને હિસાબે વેચીને એના પૈસા અંદર મૂકી દઉં છું એના ભેગા થયેલા છે.'

⬥⬥⬥

મગન : મમતાભરી, બુધ્ધિશાળી, રૂપાળી ને વહાલભરી એ બધાં વિશેષણોથી પર એવી તું છો.

રૂપાળી : એક તું જ મને આવું બહાલભર્યું કહે છે એટલે જ તું મને ગમે છે.

⬥⬥⬥

મને ખાવાનું શરૂ કરતાં પહેલાં પ્રાર્થના કરવાની ટેવ નથી કારણ કે મારી મા ખાવાનું સરસ બનાવે છે.

⬥⬥⬥

**બાર, પીનારા :-**

રાતના ત્રણ વાગ્યે મોટેલના ડેસ્ક કલાર્ક પર એક પીધેલા માણસનો ફોન આવ્યો : 'બાર કેટલા વાગ્યે ખૂલશે?'

ડેસ્ક ક્લાર્ક : 'બપોરે બાર વાગ્યે.'

એકાદ કલાક પછી વળી પાછો પેલાએ ફોન કર્યો ને ક્લાર્કે પાછો એ જ જવાબ આપ્યો. આવું બેત્રણ વાર બન્યું એટલે ક્લાર્ક અકળાઈને બોલ્યો : 'જો તમારાથી રાહ જોવાય તેમ ન હોય તો હું રૂમ સર્વિસને મોકલું તમારે જે જોઈએ તે મંગાવી લો.'

'મારે કશું મંગાવવું નથી મારે તો બારમાંથી બહાર નીકળવું છે.' પેલાએ કહ્યું.

⬥⬥⬥

મગન સવારમાં ઊઠ્યો ત્યારે એનું માથું ભારે લાગતું હતું. મોં ધોઈને એ નીચે ઊતર્યો ત્યારે એની પત્ની કેતકીએ કોફીનો કપ ધરતાં કહ્યું : તમારે પીવામાં કાળજીરાખવી જોઈએ. કાલે રાતે તમે બોર્ડના મેમ્બરોની હાજરીમાં તમે તમારા બોસનું અપમાન કરી નાખ્યું. ને એમણે તને નોકરીમાંથી પાણીચું પકડાવી દીધું.

મગન : સાલું ખરાબ થઈ ગયું, પણ તું સાથે હતી ને. તારે તો કાળજી લેવી જોઈએ ને!

કેતકી : તે મેં કાળજી લીધી ત્યારે તો તમારી નોકરી સલામત રહી. બધા વેરાયા પછી હું બોસને એક રૂમમાં લઈ ગઈ અને કલાક મહેનત કરીને એમને શાંત પાડ્યા ત્યારે તમને નોકરીમાં પાછા લેવા માન્યા. પછી તો એમણે એમની ગાડીમાં જ આપણને ઘેર આવવાની વ્યવસ્થા કરી આપી.

⬥⬥⬥

મગન : આપણે સીલ્વર કોઈન બારમાં જઈએ. ત્યાં જેટલું પીવું હોય એટલું મફત મળે છે.

ભગો : એવું તે હોતું હશે? તું કદી ત્યાં ગયો છે ખરો?

મગન : હજુ સુધી હું ગયો નથી પણ મારી બૈરી ત્યાં કાયમ જાય છે.

## સરદારજી રમૂજ :-

ડોક્ટર : બુટાસિંગ, આપકા ઓર આપકી બીબીકા બ્લડ ગ્રૂપ એક હી હૈ.

બુટાસિંગ : હોના હિ ચાહિયે, બીસ સાલસે મેરા ખૂન જો પી રહી હૈ.

◆ ◆ ◆

સાન્ટા ચાલતો જતો હતો ત્યાં એક કાર બાજુમાં આવીને ઊભી રહી ગઈ. કારમાંથી બન્ટાસિંગ કહે : સાન્ટા તારે લીફ્ટ જોઈએ છીએ?

સાન્ટા ; નારે મારે લીફ્ટની શી જરૂર હું ગ્રાઉન્ડ ફ્લોર પર રહું છું એની તો તને ખબર છે ને!

◆ ◆ ◆

બુટાસિંગ પોતાની નવી જ ગાડી લઈને જલંધર ગયા હતા તે છેક ચાર દિવસે પાછા આવ્યા.

સાન્ટા : અરે યાર ઈતને દિન ક્યું લગા દિયે?

બુટા : યે મારુતી વાલે ભી કીતને કમઅકકલ હૈ. આગે જાને કે લીએ ચાર ચાર ગીયર લગાયે હૈ ઓર પીછે ચલાને કે લીયે ફકત એક.

◆ ◆ ◆

બુટાસિંગ : કાલે હું બેટીંગમાં આઠસો રૂપિયા હારી ગયો. બન્યું એવું કે મેં ઈંડિયાની ટીમ જીતશે એમ માની ૫૦૦ રૂપિયા લગાવેલા.

કરતારસિંગ : ફાણ તું તો કહે છે કે તું આઠસો હારી ગયો.

બુટાસિંગ : પછી મેં સાંજે હાઈ લાઈટમાં પણ ઈંડિયા પર ત્રણસો લગાડેલા ને!

◆ ◆ ◆

બુટાસિંગને હજુ એ નથી સમજાતું કે એની બેનને જો બે ભાઈ હોય તો એને પોતાને એક જ ભાઈ કેવી રીતે હોઈ શકે!

◆ ◆ ◆

બુટાસિંગ (ટીવીના દુકાનદારને) : તમારી પાસે કલર ટીવી છે?

દુકાનદાર : હા

બુટાસિંગ : તો મારે એક ગ્રીન ટીવી જોઈએ છીએ, કેટલી કિંમત.

◆ ◆ ◆

એક બિહારી બસમાં ચઢ્યો ને જોયું તો બસ સરદારજીઓથી ભરેલી હતી. બધા જોક્સ કહેતા હતા. છેવટે બિહારીનો ટર્ન આવ્યો. બિહારીને જે બેપાંચ જોક્સ આવડતી હતી એ બધી સરદારજીની જ જોક્સ હતી. એને થયું કે સરદારને બદલે એ જોક્સમાં કોઈ બિહારીને મૂકીને જોક કહેવી સલાહભરી હતી. એટલે એણે પહેલી જોક શરૂ કરી. એ ભાગ્યે જ એક વાક્ય બોલ્યો હશે ત્યાં પાછળથી અવાજ આવ્યો : બિહારીની જોક શા માટે? અમે સરદારજીઓ શું મરી પરવાર્યા છીએ?

◆◆◆

એર હોસ્ટેસ : આર યુ રીલેક્સીંગ?

સાન્તાસિંગ : નો આઈ એમ સાન્તાસિંગ.

◆◆◆

સાન્તાસિંગ હોસ્પિટલમાં બુટાસિંગની ખબર જોવા ગયા હતા. બુટાસિંગના મોંમાં પઈપ જોડેલી હતી એટલે તેનાથી બોલી શકાઈ તેમ ન હતું એટલે તેણે ઝડપથી કાગળ પર કાંઈક લખીને સાન્તાના હાથમાં પકડાવી દીધું.

સાન્તાએ કાગળ હાથમાં લઈને ખિસ્સામાં મૂકી દેતાં કહ્યું : એ બધી વાત પછી, પહેલાં મને એ કહે કે હવે તને કેમ છે?

જવાબની વાટ જોતાં સાન્તા તાકી રહ્યો હતો ત્યાં જ બુટાસિંગ મરણ પામ્યો. સાન્તાને થયું કે એણે પેલા કાગળમાં પોતાની અંતિમ ઈચ્છા લખી જણાવી હશે એટલે એણે ખિસ્સામાંથી પેલો કાગળ કાઢીને જોયું તો એમાં લખ્યું હતું : મારી ઓકસીઝન પાઈપ પરથી તારો પગ હઠાવી લે, ગધેડા.

◆◆◆

બુટાસિંગની પત્નીને પેટની પીડા ઊપડી હતી ને કોઈ પણ મિનિટે ડીલીવરી થાય એમ લાગતું હતું એટલે રઘવાયા થઈને બુટાએ હોસ્પિટલમાં ફોન કર્યો : તાત્કાલિક એમ્બ્યુલન્સ મોકલી આપો મારી બૈરીને પેટપીડા ઊપડી છે.

ડોક્ટર : શું આ પહેલું બાળક છે?

બુટા : અરે મૂરખા હું બાળક નહીં એનો પતિ બોલું છું.

◆◆◆

બુટાસિંગે એક હોટેલમાં રૂમ લીધી હતી. ડાયનીંગ હોલમાં જમ્યા પછી હાથ ધોવા ગયા ત્યારે વોશ બેઝીન સાફ કરવા લાગી પડ્યા. એ જોઈને હોટેલનો મેનેજર દોડી આવ્યો : 'અરે, સરદારજી આપ યે કયા કર રહે હો? આપ તો હમારે ગેસ્ટ હૈં!'

સરદારજી : 'આપને યે બોર્ડ જો લગાયા હૈ : વોશ બેઝીન. સો હમ બેઝીન કો વોશ કર રહે હૈ.'

◆◆◆

સરદારજી કારની બેટરી બદલાવવા ગયા. મીકેનિક કહે :'એકસાઈડ કી ડાલ દું?'

સરદારજી કહે : 'નહીં ભાઈ, દોનો સાઈડ કી ડાલ દે વરના ફીર બીગડ જાયેગી.'

◆◆◆

સરદારજી લાયબ્રેરીમાં જઈ ટેબલ પર વજનદાર ચોપડી પછાડતાં : 'કેવી વાહિયાત ચોપડી છે આ? હું આખી બે વખત વાંચી ગયો. એમાં એટલાં બધાં કેરેક્ટર છે કે નામેય યાદ ના રહે પણ વાર્તા જેવું કશું છે જ નહીં.'

લાયબ્રેરીયન કહે : 'હું પંદર વરસથી અહીં નોકરી કરું છું પણ તમે પહેલા માણસ છો કે જે ટેલીફોન ડીરેક્ટરી વાંચવા માટે લઈ ગયા હોય.'

◆◆◆

એક અમેરિકન સ્ત્રી ઈંડિયાની વીઝીટે નીકળી હતી. એક વખત એક સુંદર સરોવર જોઈ એને નહાવાની ઈચ્છા થઈ પણ એની પાસે સ્વીમીંગ કોસ્ચ્યુમ ન હતું. એણે આજુબાજુમાં નજર કરી તો કોઈ હતું નહીં એટલે એણે બધાં કપડાં કાઢી નાંખ્યાં. એ પાણીમાં કૂદવાની તૈયારીમાં હતી ને કોણ જાણે ક્યાંથી એક પોલીસ કોન્સ્ટેબલ ફૂટી નીકળ્યો. 'સોરી મેડમ, પણ અહીં નહાવાની મનાઈ છે.'

'મનાઈ હતી તો પછી મેં કપડાં કાઢી નાંખ્યાં ત્યાં સુધી કેમ ન બોલ્યો?'

'કપડાં કાઢી નાખવાની મનાઈ નથી.'

◆ ◆ ◆

બુટાસિંગે એર લાઈનની ઓફિસે ફોન કર્યો : ' અમૃતસરથી મુંબઈ જતાં ફલાઈટને કેટલો સમય લાગે છે?'

'વન મિનિટ પ્લીઝ.'

'થેંક્યૂ.' કહી બુટાસિંગે ફોન મૂકી દીધો.

◆ ◆ ◆

સરદારજીતમારી સામે પીન ફેંકે તો તમે શું કરો?

'હું તો જેમ બને તેમ એમનાથી દૂર ભાગી જાઉં, ગ્રેનેડ એના મોંમાં જ હશે.'

◆ ◆ ◆

'સરદારજીઓ અઢારના ટોળામાં જ ફિલ્મ જોવા કેમ ગયા?'

'કારણ કે અઢારથી નીચેનાને માટે ફિલ્મમાં પ્રવેશનો નિષેધ હતો.'

◆ ◆ ◆

નવાનવા પરણેલા બે સરદારજીઓ વાત કરતા હતા.

એક કહે :'મેં ખરી યુકિત કરી. હું એકલો જ હનીમૂન પર ગયો ને મેં અડધો ખર્ચ બચાવી લીધો.'

બીજો કહે :'મેં તો આખો ખર્ચ બચાવી લીધો. હું ઘેર રહ્યો ને મારી બૈરીને મારા દોસ્ત સાથે હનીમૂન પર મોકલી દીધી.'

◆ ◆ ◆

એક સરદારજીએ રેલગાડી નીચે ઝંપલાવી આપઘાત કરવાનું નક્કી કર્યુ ને થેલામાં ચીકન અને વ્હીસ્કીની બોટલ મૂકીને રેલના પાટા તરફ ઊપડ્યા. રસ્તામાં એક દોસ્ત મળ્યો. 'બુટાસિંગ, કઈ બાજુ ઊપડ્યો ને આ થેલામાં શું છે?'

'દોસ્ત જિંદગીથી તંગ આવી ગયો છું ને રેલગાડી નીચે ઝંપલાવીને આપઘાત કરવા જાઉં છું પણ આજકાલ રેલગાડીઓ ઘણી વખત મોડી પડતી હોય છે એટલે સાથે ચીકન અને વ્હીસ્કી લીધાં છે. ગાડી મોડી પડે તો ભૂખે મરી જ જાઉં ને!'

◆ ◆ ◆

એક સરકારી ઓફિસમાં ડીટેક્ટીવની પોસ્ટ ભરવાની હતી. સીલેકશન કમિટી બધાને એક જ સવાલ પૂછતી હતી :'ગાંધીજીની હત્યા કોણે કરી?'

બધાનો એક જ જવાબ હતો :'ગેડસેએ.'

છેવટે બુટાસિંગનો વારો આવ્યો. એ કહે :'મને એક દિવસનો સમય આપો.'

કમિટીના અધ્યક્ષને રમૂજ કરવાનો વિચાર આવ્યો. એ કહે :'ભલે પણ મને કાલે ચોક્કસ જવાબ મળી જવો જોઈએ.'

હરખાતા સરદારજી ઘેર આવ્યા. એમની બૈરી કહે :'કેમ આટલા ખુશ છો? નોકરી મળી ગઈ કે શું?'

સરદારજી કહે :'મળી ગઈ ને મને પહેલે જ દિવસે એક હત્યાનો ભેદ ઉકેલવાનું કામ સોંપવામાં આવ્યું છે.'

◆ ◆ ◆

બે સરદારજીઓ પાંચ દિવસની ફીશીંગ ટ્રીપ પર ઉપડ્યા. જતા પહેલાં એમણે ફીશીંગનાં સાધનો જ લગભગ પાંચસો રૂપિયાનાં ખરીદ્યાં. પછી  નદીની નજીકની એક હોટેલમાં રૂમ પણ બૂક કરાવી લીધી. પછી ઊપડ્યા ફીશીંગ કરવા. ચાર દિવસ પછી માંડ એક માછલી પકડાઈ. પાછા જતાં એક કહે : 'બુટા, આ એક માછલી આપણને પંદરસો રૂપિયામાં પડી.'

'સારું થયું કે આપણે વધારે માછલી ન પકડી. નહીં તો આપણો મહિનાનો પગાર વપરાઈ જાત .'

◆ ◆ ◆

બુટાસિંગ બેય કાન પર દાઝી ગયા હતા. દાકતર ગુંચવાતાં : 'મને એ નથી સમજાતું કે તમે બન્ને કાને એક સાથે કેમના દઝાયા?'

'વાત એમ બની કે હું કપડાંને ઈસ્ત્રી કરતો હતો ને ફોન આવ્યો. મેં ફોનને બદલે ભૂલમાં ગરમ ગરમ ઈસ્ત્રી કાને લગાવી દીધી.'

'એવું કોઈ વખત બની જાય છે, પણ બીજા કાને ...?'

'તમને શું લાગે છે? મેં તમને ફોન જોડ્યો ને પાછી બીજે કાને...'

◆ ◆ ◆

## દેશી પોલીસ :-

એક મોસ્ટ વોન્ટેડના જુદા જુદા પોઝમાં દસેક ફોટા સાથે મુંબઈ પોલીસની બધી ચોકીઓ પર તપાસના હુકમ મોકલી આપ્યા. બે દિવસમાં જ માહીમની પોલીસ ચોકી પરથી જવાબ પણ આવી ગયો : આપના હુકમના જવાબમાં જણાવવાતું કે આઠ વ્યકિતઓને કસ્ટડીમાં લઈ લીધી છે ને બે જણ પર ચાંપતી નજર રખાઈ રહી છે. સાંજ પહેલાં તેમને પણ કસ્ટડીને હવાલે કરી દેવામાં આવશે.

◆ ◆ ◆

ગુજરાતના ભાવનગર પોલીસે દારૂની એક ભટ્ટી પર રેડ પાડી હતી ને વિદેશી દારૂની દસેક બોટલો કબ્જે કરી હતી. એમણે મુખ્ય ચોકીએ ફોન કર્યો : સાહેબ ઈંગ્લીશ શરાબની દસ બોટલો પકડાઈ છે.

સાહેબ : અલ્યા, કાગળિયાં કરતા પહેલાં ખાતરી કરી લેજો કે એ શરાબ જ છે. પછી એવું ન બને કે બોટલોમાં ખાલી પાણી જ ભરેલું હોય.

જમાદાર : સાહેબ અમે બધાએ ચાખીને ખાતરી કરી લીધી જ છે ને બે બોટલો તમારે માટે પણ અલગ રાખી મૂકી છે.

◆ ◆ ◆

એક વખત ડી. એસ. પી. સાહેબ એક ગામડાની મુલાકાતે ગયા હતા. એક માણસને એમની સામાન્ય વાત પણ સમજાતી ન હતી એ જોઈ એમનો ગુસ્સો માઝા મૂકી ગયો : સાલા, બેવકૂફ, બ્લડીફૂલ. એ બોલ્યા.

પેલો માણસ (હાથ જોડીને) : સાહેબ, ફૂલ તો તમે..............અમે તો તમારાં ડાળખાં પાંદડાં.

◆ ◆ ◆

એક માણસ ચોરીની મોટર સાયકલ પર શરાબની પંદર બોટલો લઈને જતાં પોલીસે પકડ્યો : ચાલ, પોલીસ ચોકીએ.

પેલો માણસ : જમાદાર સાહેબ શરાબની બોટલોય મારી નથી ને આ મોટર સાયકલ પણ મારી નથી. ચોકીએ જવાને બદલે અહીં જ તોડ મૂકો ને! શરાબ હું લઈ જાઉં ને મોટર સાયકલ તમે લઈ જાવ.

જમાદાર : નહીં, શરાબ તો પુરાવો છે. હું શરાબ લઈ જાઉં છું, તું મોટર સાયકલ લઈ જા. હવેથી ચોરીની મોટર સાયકલ પર શરાબની હરાફેરી ન કરતો.

## વિવિધ રમૂજો :-

### છીંક ખાધી ને...

હથિયારો લઈને જતું એક પાકિસ્તાની મિલિટરી પ્લેન હવમાં હતું ને અચાનક પેટ્રોલ ખલાસ થઈ ગયું ને પ્લેન ઊંધે માથે નીચે પડવા માંડ્યું. પાઈલોટે સોલ્જરોને કહ્યું : 'પ્લેનમાંથી વજન બહાર ફેંકી દો.'

સોલ્જરોએ બધી પિસ્તોલો ફેંકી દીધી. તોય પ્લેન સીધું ન થયું. પાયલોટે ફરીથી વજન ઓછું કરવા

કહ્યું.

સોલ્જરોએ બધી રાયફલો બહાર ફેંકી દીધી. તોય પ્લેન સીધું ન થયું. છેવટે જ્યારે બધા મિસાઈલો બહાર ફેંકી દીધા ત્યારે પ્લેન સીધું થયું. છેવટે જેમ તેમ કરીને પ્લેન નીચે ઉતર્યું.

બધા જીપમાં બેસીને હેટકવાર્ટર પર જવા નીકળ્યા તો એક છોકરો રડતો સામો મળ્યો. એને પૂછ્યું તો એણે કહ્યું : 'મારા માથા પર રિવોલ્વર પડી.'

થોડે આગળ ગયા ત્યાં બીજો છોકરો રડતો સામો મળ્યો એણે કહ્યું મારા માથા પર રાયફલ પડી. ત્યાં એક છોકરો તાળી પાડતો ને હસતો સામો આવ્યો. એ કહે : 'ખરું થયું, મેં છીંક ખાધી ને આખું મકાન ઊડી ગયું.'

⬥⬥⬥

લીલી લાલુને ત્યાં બકરી લઈને આવી.

લાલુ : આ ભેંસને મારા ઘરમાં કયું લાઈ?

લીલી : અરે, યે ભેંસ નહીં બકરી હૈ.

લાલુ : હામ તુમ્હે નહીં, બકરી સે પૂછ રાહા હું.

⬥⬥⬥

રોહિત રોજ મંદિરમાં કેમ જાય છે?

કારણ કે મંદિર જ એક એવી જગ્યા છે જ્યા એને પૂજા, ભાવના, શ્રધ્ધા, આરતી, અર્ચના, આરાધના, જ્યોતિ અને શાંતિ મળે છે.

⬥⬥⬥

દેશમાં અને પરદેશમાં :

સાસુ :

દેશમાં : એક એવી સ્ત્રી કે જે વહુને હેરાન કરવાની છાપ ધરાવતી હોય.

વિદેશમાં : એક એવી સ્ત્રી કે જેને નારાજ કરવાનો વહુ વિચાર સરખો ન કરી શકે. ભલા, વગર પગારે આવી કાળજીવાળી બેબી સીટર કમ રસોયણ કયાં મળવાની હતી?

દીકરો :

દેશમાં : જ્યારે તમે બહાર જતા કે બહારથી આવતા હો ત્યારે વગર કહ્યે તમારી બેગ ઊંચકી લે અને સદાય આજ્ઞાંકિય રહેવા પ્રયત્ન કર.

વિદેશમાં : જ્યારે તમે એને લોન કાપવાનું કામ સોંપો ત્યારે જ એને યાદ આવે કે એનું હોમવર્ક હજુ બાકી છે. તમે એને જ્યારે કાંઈ પણ કહો ત્યારે સાંભળવાનો દેખાવ કરે કારણ કે એના મનમાં એક વાતની ખાતરી છે કે એનાં ટયુશન ફી, પોકેટ મની, કાર અને ગેસનાં બિલ તમે જ ભરવાના છો.

દીકરી :

દેશમાં : જ્યારે એનાં લગ્ન તાય ત્યારે એ તમારી આંખોમાં આંસુ લાવી દે છે.

વિદેશમાં : એક એવી ઢીંગલી કે જે એનાં લગ્ન પહેલાં ઘણાં અગાઉથી તમારી આંખમાં આંસુ લાવી દે છે.

ગ્રીન કાર્ડ હોલ્ડર :

દેશમાં : ઈંગ્લીશમાં જ વાત કરે. રૂપાળી છોકરીઓનાં માબાપ એને માટે પડાપડી કરે છે અને ત્યાં અમેરિકામાં એની પાસે બી. એમ. ડબલ્યુ. ગાડી છે એમ કહેતો ફરતો હોય.

અમેરિકામાં : પૂરાં બે વાક્યોય ઈંગ્લીશમાં સરખાં બોલતો ન હોય, કાયમ જેકેટ પહેરી રાખે છે, મેનહટનના કેન્ડી સ્ટોરમાં કલાકના પાંચ ડોલરની નોકરી કરે છે ને મનમા સ્વપ્નાં જુએ છે કે એની પાસે બી. એમ. ડબલ્યુ. ગાડી હોય.

## જેને નોકરીની પડી હોય એ હસે

એક વખત બોસ પરદેશની એક મહિનાની ટ્રીપ પરથી આવ્યા પછી પોતાના પરદેશના રમૂજી અનુભવો સ્ટાફને કહી સંભળાવતા હતા. આખો સ્ટાફ એ સાંભળતાં પેટ પકડીને હસી રહ્યો હતો. પણ સેક્રેટરી મિસ મહેતા જરાય હસતી ન હતી.

છેવટે બોસે એને પૂછ્યુ : 'તને રમૂજમાં સમજણ પડે છે કે પછી તારામાં રમૂજી વૃત્તિનો જ અભાવ છે?'

'મારે ખોટે ખોટું હસવાની જરૂર નથી. આવતે મહિને તો હું આ ઑફિસમાંથી છૂટી થાઉં છું.' મિસ મહેતાએ ઠાવકે મોંએ કહ્યું.

◆ ◆ ◆

## ફીશિંગનું અઠવાડિયું

એણે ઓફિસેથી ઘેર પત્નીને ફોન કર્યો : મારે એક મોટો સોદો પતે તેમ છે. એમની સાથે મારે આજે જ ફિશિંગ પર જવું પડશે. તું એમ કર મારાં જરૂરી કપડાં અને મારી ફિશિંગ બેગ તૈયાર રાખજે હું એક કલાકમા આવીને લઈ જઈશ. ને હા, મારો બ્લ્યુ રેશમી નાઈટ ડ્રેસ મૂકવાનું ભૂલતી નહીં.'

કલાકેક પછી એ ઘેર જઈ બધી ચીજો લઈને નીકળી ગયો.

એક અઠવાડિયા પછી એ પાછો આવ્યો. એની પત્નીએ સામાન્ય રીતે જ પૂછ્યું : 'કેમ કેવી રહી તમારી ફિશિંગ ટ્રીપ?'

'અરે વંડરફુલ, પણ તું મારો બ્લ્યુ નાઈટ ડ્રેસ પેક કરવાનું ભૂલી ગઈ હતી.'

'બને જ નહીં. એ તો મને યાદ છે કે મેં એને કાળજીથી પેક કરીને તમારી ફિશિંગ બેગમાં ઉપર જ મૂકયો

હતો.'

◆ ◆ ◆

## આનું નામ ગ્લોબલાઈઝેશન

'તમે જાણો છો આ ગ્લોબલાઈઝેશનની ઊંચાઈ કેટલી છે?'

'પ્રિન્સેસ ડાયેનાના મોત જેટલી.' જાણવું છે કેવી રીતે?

તો જાણો : એક અંગ્રેજ પ્રિન્સેસ એના ઈજીપ્શીયન દોસ્ત સાથે ફ્રેન્ચ ટનલમાં, ડચ એન્જીનવાળી જર્મન કાર જેને સ્કોટીશ વીસ્કી પીધેલો એક બેલ્જીયન ડ્રાયવર ચલાવતો હતો તેમાં જઈ રહી હતી. જેનો અમેરિકન ડૉક્ટરની સારવાર લઈને આવેલો અને હાલ બ્રાજીલની દવા લઈ રહેલો એક ઈટાલિયન પોતાની જાપાનીસ મોટરસાયકલ પર પીછો કરી રહ્યો હતો.

આ વિગતો તમને એક ઈંડિયન, બીલ ગેઈટ્સે કદાચ જાપાન પાસેથી ચોરી લીધેલી ટેકનોલોજી પર આપે છે, અને તમે કદાચ આઈબીએમના કોઈ વર્ણસંકર કોમ્પ્યુટર કે જે તાઈવાનમાં બન્યું હશે અને જે બાંગ્લાદેશી કામદારે સિંગાપોરમાં એસેમ્બલ કર્યું હશે. અને એય કદાચ કોઈ પાકિસ્તાની ડ્રાયવરે ટ્રાસ્પોર્ટમાંથી ચોરી લીધું હશે ને તમને કદાચ કોઈ ચાઈનીઝે પધરાવ્યું હશે; તેના પર વાંચી રહ્યા હશો.

આનું નામ છે ગ્લોબલાઈઝેશન.

◆ ◆ ◆

લીનાએ ડીનર ટેબલ તૈયાર કરવામાં એની મમ્મીને મદ કરી.

થોડી જ વારમાં બધા મહેમાનો આવ્યા ને જમવા ગોઠવાયા. લીનાની મમ્મીને એક ભૂલ જણાઈ એણે લીનાને કહ્યુંઃ 'બેટા, તું રવિકાકાની ડીસની બજુમાં ફોર્ક અને નાઈફ મૂકવાનું ભૂલી ગઈ લાગે છે. એમને લાવી આપીશ?'

'એમને જરૂર નથી એટલે નથી મૂક્યાં. પપ્પા કહેતા હતા કે રવિકાકા ઘોડાની જેમ ખાય છે.'

◆ ◆ ◆

મિકેનિકલ એંજીનીયર અને સિવિલ એંજીનીયર વચ્ચે શો તફાવત છે?

મિકેનિકલ એંજીનીયર શસ્ત્રો બનાવે છે ને સિવિલ એંજીનીયર એને વાપરવા માટેનાં નિશાન બનાવે છે.

◆ ◆ ◆

એક પત્રકારે અવકાશયાત્રીને પૂછ્યું : 'જ્યારે તમે અવકાશમાં હો ત્યારે કેવું લાગે છે?'

'તમને કેવું લાગે જ્યારે તમે અહીં ફસાઈ ગયા હો અને તમારા બચવાનો આધાર પેલા ૨૦,૦૦૦ પુરજાઓ પર હોય કે જે સૌથી ઓછા ભાવ ભરનારે સપ્લાય કરેલા હોય?'

◆ ◆ ◆

## લશ્કરી રમૂજ

એક સૈનિકને એની વિવાહીતા છોકરી તરફથી એની સગાઈ તોડી નાખ્યાનો પત્ર મળ્યો. એમાં એણે જણાવ્યું હતું : 'મારો ફોટો જે તારી પાસે છે એ વળતી ટપાલે પાછો મોકલી આપજે.'

સૈનિકે પોતાના દોસ્તો પાસેથી દસ પંદર છોકરીઓના ફોટા માગીને પેલીને મોકલી આપ્યા અને લખ્યું :

'મને તારો કયો ફોટો છે એ ચોક્કસ યાદ નથી. આમાંથી તારો ફોટો હોય તે રાખીને બાકીના ફોટા મને પરત મોકલી આપજે.'

◆ ◆ ◆

**આયરીશ રમૂજ**

એક આયરીશ રોજ બારમાં જઈને એક સામટાં બીયરના ત્રણ મગ મંગાવતો હતો એ જોઈને એક દિવસ બારની છોકરીએ એને આમ કરવાનું કારણ પૂછ્યું તો એ કહે ; 'અમે ત્રણ ભાઈઓએ નક્કી કર્યું હતું કે અમે કાયમ સાથે જ પીશું. પણ એ બેય તો પરદેશ ચાલ્યા ગયા છે એટલે હું આમ મણ મગ સામટા મંગાવું છું ને એકમાંથી મારો ઘૂંટડો ભરું છું પછી બીજામાંથી મારા નાના ભાઈના વતી અને ત્રીજામાંથી મારા મોટા ભાઈના વતીનો.'

પછી લગભગ એક વરસ પછી એક દિવસ એણે બે મગનો જ ઓર્ડર કર્યો એટલે પેલી બારવાળી છોકરીને કશું ગમગીન બની ગયાની આશંકા આવી એટલે એણે કહ્યું : 'તમારી ત્રણ ભાઈઓની જોડી ખંડિત થઈ એ બદલ દિલગીર છું.'

'એવું કશું નથી બન્યું પણ આજથી મેં પીવાનું બંધ કર્યું છે એટલે બે જ મગ માગ્યા છે.'

◆ ◆ ◆

**સારા સમાચાર-ખરાબ સમાચાર**

બે એંજિનવાળી એક ટ્રેનનું એક એંજિન આટકી ગયું પણ ડ્રાયવરોએ કહ્યું કે વાધી નહીં એક એંજિનથી પણ ચાલી જશે. ત્યાં તો બીજું એંજિન પણ બગડ્યું. ડ્રાયવર પેસેન્જરોને કહેઃ 'ખરાબ સમાચાર છે કે બેય એંજિન કામ કરતાં બંધ થઈ ગયાં છે એટલે આપણે આગલા સ્ટેશનથી મદદ આવી પહોંચે ત્યાં સુધી સાત આઠ કલાક અહીં વેરાનમાં રોકાઈ રહેવું પડશે. પણ એક સારા સમાચાર પણ છે. તમે બધા નસીબદાર છો કે તમે ટ્રેનમાં મુસાફરી કરવાનું નક્કી કર્યું. જો પ્લેનમાં ગયા હોત અને આવું થયું હોત તો?'

◆ ◆ ◆

**સ્ત્રી અને ભગવાન**

એક માણસ મરીને સ્વર્ગમાં ગયો. એણે ભગવાનને પૂછ્યું : 'તમે સ્ત્રીઓને આટલી બધી સુદર કેમ બનાવી છે?'

'કારણ કે પુરુષો એને ચાહે.'

'પણ આટલી મૂર્ખી કેમ બનાવી છે?'

કારણ કે એ પુરુષોને ચાહે.' ભગવાને કહ્યું.

◆ ◆ ◆

એક ટેક્સી ડ્રાયવર અને એક પાદરી મરીને સ્વર્ગમાં પહોંચ્યા. ભગવાને ટેક્સી ડ્રાયવરને રેશમનો જભ્ભો ને સ્લીપર આપ્યાં ને કહ્યું : 'આ પહેરીને તું સ્વર્ગમાં સુખેથી વિહાર કર.'

પાદરીને સાદો સુતરાઉ જભ્ભો આપીને પણ એમ જ કહ્યું. પાદરી કહે : 'તમે પેલાને રેશમનો જુભ્ભો આપ્યો ને મને આવો ...?'

'એનું કારણ છે. તું જ્યારે તું ચર્ચમાં પ્રવચન આપતો હતો ત્યારે મોટા ભાગના લોકો ઝોકાં ખાતા હતા પણ આ ડ્રાયવર એવું તો ડ્રાયવિંગ કરતો હતો કે એની ટેક્સીમાં બેઠેલા બધા મારી પ્રાર્થના કરતા હતા.'

◆ ◆ ◆

એક દેડકાને એના જ્યતિષીએ કહ્યું : 'આજે તારી મુલાકાત અક બહુ જ રૂપાળી છોકરી સાથે થશે.'

'ક્યાં? પાર્ટીમાં?'

'ના, બાયોલોજીની લેબોરેટરીમાં.'

⬍ ⬍ ⬍

સન ૧૯૬૦માં જ્યારે સ્પેસ કાર્યક્રમ બહુ જોરમાં હતો ત્યારે નાસાએ સ્પેસ ટ્રાવેલ દરમિયાન લખી શકે એવી બોલ પોઈન્ટ પેન વિકસાવી. ઘણા બધા પ્રયત્ન પછી તૈયાર કરાયેલી આ પેન પછી તો એક અજાયબ ચીજ તરીકે મ્યુઝિયમની આઈટેમ જ બની રહી. પણ નાસાને એક ભગિરથ શોધ કર્યાનો ગર્વ થયો એટલું જ.

એમ તો સોવિયેટ રશિયાને પણ આ જરૂર ઊભી થઈ જ હતી પણ એમણે પેન્સિલથી કામ ચલાવી લીધેલું.

⬍ ⬍ ⬍

થોમસ આલ્વા એડિસન ન હોત તો?

તો આપણે બધા મીણબત્તી સળગાવીને ટીવી જોતા હોત બીજું શું?

⬍ ⬍ ⬍